॥ સ્વામિશ્રીજી ॥

Anoopam Mission

# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

* એપ્રિલ ૨૦૨૧ * વર્ષ ૩૬ * અંક ૧







અક્ષરધામના જે અહો અધિપતિ
સહજાનંદ શ્રીહરિ,
સર્વાંતર્યામી સદા સકલના
સર્વજ્ઞ સર્વોપરી,
માયા કાળ રવિ શશી સૂરગણે
જેની શિરાજ્ઞા ધરી,
જે સાહેબસ્વરૂપમાં પ્રગટ છે
વંદું ભાવ ઉર ભરી.



સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ
ભગવાન શ્રી સ્વામિનારાયણ
પ્રાદુર્ભાવ મંગલ પ્રસંગે અનંત વંદના !






# શ્રીજી ને સ્વામીના કાર્યના વાહક બનીએ !

**સર્વ** અવતારના અવતારી, સર્વ કારણના કારણ, સર્વાંતર્યામી, સર્વ નિયંતા, સર્વોપરી, પરાત્પર પરબ્રહ્મ તત્ત્વ મનુષ્યદેહધારી ઘનશ્યામ, નીલકંઠવર્ણી, સહજાનંદ સ્વામી, શ્રીજી મહારાજ એવાં અનેક નામ સ્વીકારી આ પૃથ્વી પર પ્રગટ થયા તે સર્વાધિક મહામાંગલ્યકારક મહાપર્વ એટલે ચૈત્ર સુદી નોમ – શ્રી હરિજયંતી !

આ લોક અને તેના પર વસતા તત્કાલીન માનવ સહિત સમસ્ત જીવ ને અસ્તિત્વનાં કેવાં મહાભાગ્ય કે, તેઓના જીવનકાળ દરમિયાન સ્વયં પરબ્રહ્મ તત્ત્વ અપરંપાર અને કલ્પનાતીત કૃપા કરી આ પૃથ્વી પર મનુષ્યાકૃતિમાં પ્રગટ થયા, વિચરણ કર્યાં, દર્શન-સેવા-સંબંધનાં અલૌકિક સુખ આપ્યાં !

આવી અપરંપાર કૃપાથી પણ વિશેષ અનુગ્રહ તો એ થયો ને રહ્યો જ્યારે એ પરબ્રહ્મ તત્ત્વે પોતાની ભેળા સ્વયં અક્ષરબ્રહ્મ તત્ત્વને પણ આ પૃથ્વી પર માનવદેહે પ્રગટ કર્યા અને આ અદ્વય તત્ત્વો ગુણાતીત સ્થિતિ પ્રાપ્ત મનુષ્યદેહમાં આજપર્યંત સાકાર ને પ્રગટ રહ્યાં છે, ને શાશ્વત કાળ પર્યંત રહેશે.

અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ અદ્વય દિવ્ય તત્ત્વો આ પૃથ્વી પર પ્રગટ થયાં, સર્વ જીવને પોતાનો દિવ્ય સંબંધ આપ્યો ને દિવ્ય સુખના અનુભવ તો કરાવ્યા જ; પરંતુ, અતિ ઘણી કરુણા તો એ કરી કે, શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રતિપાદન દ્વારા મનુષ્યમાત્ર માટે ગુણાતીત અસ્તિત્વ અવસ્થા પ્રાપ્ત કરવાના સાધનામાર્ગ સુલભ બનાવ્યા !

અનંત યુગોની કઠોર સાધના, સાધન ને તપસ્યા દ્વારા પણ જે કારણ શરીરની મુક્તિ અસંભવ છે, દેહભાવ નિર્મૂલન અશક્ય છે, સ્વભાવ-પ્રકૃતિનાં પરિવર્તન અતિશય દુર્લભ છે તે સર્વ શ્રી અક્ષરપુરુષોત્તમ






ઉપાસનાનાં યથાર્થ જીવન-આચરણ અને અક્ષર-પુરુષોત્તમ અદ્વય ધારક ગુણાતીત સાધુના યોગ અને પ્રીતિએ યુક્ત પ્રસંગથી સહજ સુલભ બનાવ્યાં !

આ સહજ સુલભ સાધના પંથે બ્રહ્મસ્વરૂપ સર્વશ્રી... ભગતજી મહારાજ, જાગા સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને સર્વ ગુણાતીત સંતો સહિત વર્તમાનમાં ગુરુહરિ હરિપ્રસાદ સ્વામીજી, ગુરુજી-મુકુંદજીવન સ્વામીજી અને સંતભગવંત સાહેબજી રૂપે પ્રગટ ને સાકાર શ્રી અક્ષરપુરુષોત્તમનાં દિવ્ય સ્વરૂપોની નિશ્રામાં અનેક જન્મોથી સાધનાયાત્રા કરતાં ચૈતન્યો દિવ્ય રૂપ ને સ્વરૂપ પ્રાપ્ત કરી રહ્યાં છે.



આપણે સૌ માનવદેહધારી સત્સંગીઓ તથા પૃથ્વીનાં સર્વ જીવ-પ્રાણીમાત્ર મહાભાગ્યવાન છીએ કે, આપણને પ્રભુના દિવ્ય પ્રગટ ને સાકાર સ્વરૂપ સાહેબજીના સંબંધ તેઓની કૃપાએ કરીને સહજ થયા છે !

સંબંધથી સાક્ષાત્કાર સુધીની આપણી યાત્રા અવિરત છે. એ યાત્રાના સરળ અને સુખદાયી રૂપે અનુભવ કરવા આપણને સૌને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પાંચ સિદ્ધાંતોનું સચોટ માર્ગદર્શન પણ પ્રાપ્ત છે. સદ્‌ગુરુઓ પરમ પૂજ્ય અશ્વિનદાદા અને પરમ પૂજ્ય શાંતિદાદા જેવા ભગવાનધારક, સાધુઓની હૂંફ છે અને સ્વયં પ્રભુસ્વરૂપ સંતભગવંત સાહેબજી આપણા જીવનમાં પ્રગટ-પ્રમાણ છે! આવો દિવ્ય અવસર આવ્યો 'તો કે આવશે !

માટે, સુરુચિ કેળવીએ, જાગ્રત બનીએ. સંબંધવાળા પ્રત્યેક ચૈતન્યને બ્રહ્મની મૂર્તિ માની તેઓની યથાશક્તિ માહાત્મ્યેયુક્ત સેવા કરીએ. સંતો ને સાહેબજીના યથાર્થ મહિમા ને સ્વરૂપને સમજવા પ્રાર્થના કરતા રહીએ. શ્રીજી ને સ્વામીના કાર્યના વાહક બનીએ ! ◆

~ સાધુ મનોજદાસ



## પ્રગટ આનંદની મંગલમૂર્તિ, માહાત્મ્યસમ્રાટ, નવયુગના ઘડનાર, યોગીવારસદાર

# સંતભગવંત સાહેબજીને પ્રાગટ્યપર્વે હૃદયભાવપૂર્ણ વંદના !

અનુપમ મિશનના સંતો અને અક્ષરમુક્તોના જીવનપ્રાણ, ગુરુદેવ યોગીજી મહારાજના કલ્યાણકાર્યના ભાગીદાર, મહિમા અને વાત્સલ્યના મૂર્તિમાન સ્વરૂપ **સંતભગવંત સાહેબજી**ના ૮૨મા મંગલ પ્રાગટ્યની ઉજવણી બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે અત્યંત ભક્તિભાવથી સંપન્ન થઈ.

સંતભગવંત સાહેબજીના તારીખ મુજબના પ્રાગટ્યદિન-૨૩ માર્ચની મંગલ પ્રભાતે ‘પારમિતા’ સભાખંડમાં મંગલા આરતી બાદ સદ્ગુરુ સંત પ.પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ પાઠવ્યા તેમજ સદ્ગુરુ સંત પ.પૂ. શાંતિદાદાએ મંદિરજીમાં શ્રી ઠાકોરજીની શણગાર આરતી અર્પણ કરી. રાજભોગ આરતી અર્પણ કરવા સ્વયં સંતભગવંત સાહેબજી પધાર્યા અને સંતો-ભક્તોને વિશિષ્ટ સ્મૃતિ આપી. ‘અક્ષરમહોલ’માં શ્રી ઠાકોરજીનાં દર્શન કરી, સૌ સંતો અને અક્ષરમુક્તોની સુખાકારી માટે શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરાવી, પ્રાર્થનાઓ કરી.

સાહેબજીના મંગલ પ્રાગટ્યની ઉજવણી રાત્રિસભામાં વિશિષ્ટ કીર્તનભક્તિ સાથે કરવામાં આવી. આ પ્રસંગે અનુપમ સૂરવૃંદના સંતો અને યુવાનોએ સંતભગવંત સાહેબજીના માહાત્મ્યને પ્રગટ કરતાં અદ્ભુત કીર્તનોનાં ગાન કર્યાં. ડિજિટલ માધ્યમ દ્વારા આ ભક્તિઅર્ઘ્યને દૃશ્ય અને શ્રાવ્ય સ્વરૂપે દેશ-પરદેશના અગણિત અક્ષરમુક્તોએ માણ્યા. સદ્ગુરુ સંત પ.પૂ. શાંતિદાદાએ આશીર્વાદ પ્રદાન કર્યા અને ભગવાનના પ્રગટ સ્વરૂપ એવા સત્પુરુષને ઓળખી જીવન સમર્પિત કરવાનાં માર્ગદર્શન આપ્યાં. સંતભગવંત સાહેબજીએ પણ સૌ ભક્તોની ભક્તિને બિરદાવીને જીવનમાં ઉપાસના સુદૃઢ કરવા આશીર્વાદ વરસાવી બળ પૂર્યાં.



સંતભગવંત સાહેબજી દ્વારા આરાર્તિક્યં



સંતભગવંત સાહેબજીને સંતો-અક્ષરમુક્તો વતી ભાવાર્પણમ્



સાધુ પૂ. વાસુદાસજી અને પૂ. રમેશદાસજી દ્વારા પુષ્પહાર અર્પણમ્



'ભગવદ્ પરામૃત'નાં મુક્તાર્પણમ્




માહાત્મ્યગાન દ્વારા વંદનમ્



સંતભગવંત સાહેબજી આશીર્દાનમ્



મંચસજ્જા દર્શનમ્



શ્રી ઠાકોરજી મંગલ દર્શનમ્



સંતભગવંત પરમ પૂજ્ય સાહેબજી દિવ્ય મનોહર દર્શનમ્



શ્રી ઠાકોરજીને પ્રાર્થનાપૂર્વક વંદનમ્

ધુળેટીના મહામંગલકારી દિવસે – ૨૯ માર્ચ ૨૦૨૧ના રોજ સંતભગવંત સાહેબજીના તિથિ મુજબના ૮૨મા પ્રાગટ્યપર્વના દિવ્ય આનંદને માણવામાં આવ્યો. આ પ્રસંગે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીને તોરણ, ધજા, રોશની અને પુષ્પસજ્જા દ્વારા શણગારવામાં આવી. નૂતન મંદિરે શ્રી ઠાકોરજીના શણગાર પણ અલૌકિક દર્શન સુખી આપી રહ્યા હતા. મંગળા આરતીમાં સૌ સંતોએ એકત્ર થઈ, પ્રભુચરણે પોતાના ગુરુહરિના નિરામય અને દીર્ઘ આયુષ્ય માટે ગદ્ગદભાવે પ્રાર્થનાઓ કરી જપયજ્ઞ રૂપી ભક્તિ અદા કરી. રાજભોગ આરતીમાં સ્વયં સંતભગવંત સાહેબજીએ પધારી શ્રી ઠાકોરજી મહારાજ, ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ, અને ગુરુદેવ યોગીજી મહારાજને આરતી અર્પણ કરી હૃદયભાવના વ્યક્ત કરી. ‘અક્ષરમહોલ’માં શ્રી ઠાકોરજી સમક્ષ બિરાજી, સૌની આત્મિક સુખાકારી માટે પ્રાર્થનાઓ કરી. આ પ્રસંગે ઉપસ્થિત સંતો અને અક્ષરમુક્તોના ભાવ ગ્રહણ કરી સૌને કૃતાર્થ કર્યા.

આ મહામંગલકારી પર્વે યોજિત ઑનલાઈન રાત્રિ માહાત્મ્યદર્શન સભામાં સદ્ગુરુ સંત પૂ. મનોજદાસજીએ સ્વયં રચિત ‘સંતભગવંત શ્રી સાહેબજી સ્તુતિ–મહિમા સ્તોત્ર’નાં ગાન કર્યાં અને વળી, તેની મહિમાપૂર્ણ સમજણ આપી સંતભગવંત સાહેબજીના અકલ્પ્ય સ્વરૂપને વર્ણવ્યું.

ત્યારબાદ સદ્ગુરુ સંત પ.પૂ. અશ્વિનદાદા અને સદ્ગુરુ સંત પ.પૂ. શાંતિદાદાએ આશીર્વાદ પ્રદાન કરી સંતભગવંત સાહેબજીના દિવ્ય અને અલૌકિક મહિમાનું વર્ણન કર્યું. માનવદેહધારી પ્રગટ ગુરુહરિ એ ભક્તને માટે પ્રભુ પામવાની જીવાદોરી છે, તેમ સમજાવી સાહેબજી રૂપી સત્પુરુષના મહિમાનો અપૂર્વ વિસ્તાર કર્યો. આ દરમિયાન યોગઋષિ પૂજ્ય રામદેવજી મહારાજે ફૉન દ્વારા સંતભગવંત સાહેબજીને પ્રાગટ્યદિને શુભેચ્છાઓ પાઠવી અને સભામાં જોડાયેલ સૌ સંતો – અક્ષરમુક્તોને શુભાશિષ પાઠવી સાહેબદાદાના અનન્ય મહિમાની વાતો કરી.

સાહેબજી દ્વારા નિત્ય પ્રત્યે જે આશીર્વાણી પ્રગટ થાય છે તેનાં ઑડિયો રૅકોર્ડિંગમાંથી તૈયાર કરાયેલ ટચૂકડી પરંતુ અધ્યાત્મલક્ષી ઑડિયો ક્લિપ ભક્તોના લાભાર્થે સંતો દ્વારા પ્રતિદિન મોકલવામાં આવે છે; જે આ પ્રસંગે નવા સ્વરૂપે 'સાહેબજીમાં બોલે શ્રી હરિ રે...' રૂપે પ્રકાશિત કરવામાં આવી. વળી, ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા ઉદ્બોધિત વચનામૃતો પૈકી કેટલાંક ચૂંટેલાં વચનામૃતોને સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સંતોની બ્રહ્મધ્વનિમાં રૅકોર્ડ કરી સૌ અધ્યાત્મપિપાસુ અક્ષરમુક્તોના લાભાર્થે 'ભગવદ્ પરામૃત' સ્વરૂપે પ્રકાશિત કરી અનુપમ મિશનના ઑડિયો પ્રકાશન વિભાગના સેવકોએ સુંદર ભેટ પ્રદાન કરી.

આ પ્રસંગે સંતભગવંત સાહેબજીએ સૌ પર રૂડા આશીર્વાદની વર્ષા કરી. દેશ–પરદેશમાં વસતા અનેક અક્ષરમુક્તોએ આ મંગલકારી દિને વિશેષ સેવાર્પણ કર્યાં તથા સમર્પણ ધર્યાં, તે સૌ પર સંતભગવંત સાહેબજીએ અંતરની પ્રસન્નતા વરસાવી. સૌમાં નિર્દોષબુદ્ધિ રાખી ભગવાનનું કાર્ય કરવા સંપ, સુહૃદભાવ અને એકતા જાળવી, હળીમળીને એકમના થઈને પ્રભુપ્રીત્યર્થે ગુરુમુખી જીવન જીવવા બળ અને માર્ગદર્શન પ્રદાન કર્યાં.

૩૦ માર્ચના રોજ યોજિત ઑનલાઈન સભામાં સંતભગવંત સાહેબજીના ૮૨મા પ્રાગટ્ય અવસર નિમિત્તે સદ્ગુરુ સંતો પ.પૂ. અરુણદાદા, પ.પૂ. હર્ષદદાદા, પ.પૂ. રતિકાકાએ પ્રાસંગિક માહાત્મ્યગાન કર્યાં તથા સ્વાનુભવનાં વર્ણન કરી સાહેબજીની ગુણાતીત અવસ્થાનાં દર્શન કરાવ્યાં. આ પ્રસંગે દિલ્હીથી ગુરુજી–પ.પૂ. મુકુંદજીવન સ્વામીજીના પણ વિડિયો આશીર્વાદ પ્રાપ્ત થયા. તેઓએ ‘સાહેબજી–યોગીના વારસદાર’ એ ભાવનાને વ્યક્ત કરી સૌને સુદૃઢ કરાવી.

◆





### સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૨ : 'બે સેનાનું, નરનારાયણ પધરાવ્યાનું'નું નિરૂપણ**
**૩૦ સપ્ટેમ્બર ૨૦૧૮, બ્રહ્મજ્યોતિ, મોગરી**

**સ્વા**મિનારાયણ ભગવાનના સમયમાં આપણા દેશમાં ગાયકવાડી રાજ, જામનગર રાજ, ભાવનગર રાજ એમ બધાં રજવાડાં હતાં ! 'ગુજરાત' કહેવાય પણ 'ગુજરાત' એક રાજ્ય તરીકે હતું નહીં. સુરત, વડોદરા, અમદાવાદ શહેર હતાં. ત્યારે તો કોઈને ખબર જ નહોતી કે, ભારત સ્વતંત્ર થશે એટલે ગુજરાત એક રાજ્ય થશે અને અમદાવાદ રાજધાની થશે. પણ મહારાજની કેટલી દૂરંદેશીતા કહેવાય કે, બસો વર્ષ પહેલાં શ્રી સ્વામિનારાયણ ભગવાને મંદિરો કરવાનો સંકલ્પ કર્યો અને પહેલું મંદિર અમદાવાદમાં કરવાનું નક્કી કર્યું. અને અમદાવાદ મંદિરમાં નરનારાયણ દેવને પધરાવ્યા.

આપણને આખો ઈતિહાસ ખબર છે. બદરીનાથમાં નરનારાયણ દેવ સભા ભરીને બેઠા હતા ને કથા કરતા હતા. ત્યાં દુર્વાસા મુનિ આવ્યા અને એમનું સન્માન ના થયું એટલે એમણે આખી સભાને શાપ આપ્યો કે, 'જાવ, તમે બધા પૃથ્વીલોક ઉપર માનવ થઈને જાવ.' આવો કારણ વગર શાપ મળ્યો એટલે નરનારાયણ દેવની કથામાં લીન થઈને બેઠેલા બધા ભક્તો એકદમ દુઃખી થઈ ગયા, ઉદાસ થઈ ગયા. પછી ભગવાને કહ્યું, 'અમારી ઈચ્છાથી દુર્વાસા મુનિ નિમિત્ત બન્યા છે; મારે પૃથ્વી ઉપર માનવદેહે જન્મ ધારણ કરવો છે, એટલે તમે બધા પૃથ્વી પર જાવ પછી હું નરનારાયણ દેવને લઈને આવું છું.' ભગવાને આવા આશીર્વાદ આપ્યા અને પોતે કોલ આપ્યો કે, 'હું આવીશ અને તમારા સર્વનો ઉદ્ધાર કરીશ.' અસુરોએ આ વાત સાંભળી એટલે એમણે પણ નક્કી કર્યું કે, આ બધા ભક્તો જાય છે તો ચાલો, આપણે પણ લહાવો લઈશું ને બધાને હેરાન કરીશું. એમ અસુરો પણ આવ્યા.

મહારાજ પૃથ્વી ઉપર માનવદેહ ધારણ કરીને આવ્યા, તેમાં નરનારાયણ દેવ નિમિત્ત બન્યા. સ્વામિનારાયણ ભગવાને અમદાવાદ મંદિરમાં પહેલાંમાં પહેલી મૂર્તિ અર્જુન અને શ્રીકૃષ્ણ પરમાત્માની પધરાવી. સ્વામિનારાયણ ભગવાને શુદ્ધ યુગલ ઉપાસનાનાં જ મંદિર બનાવ્યાં અને નરનારાયણ દેવ - અર્જુન ને શ્રીકૃષ્ણ, લક્ષ્મીનારાયણ દેવ - લક્ષ્મીજી અને નારાયણ પધરાવ્યાં. ભગવાન એકલા પૃથ્વી પર આવતા નથી. ભગવાન કહે, 'મારા સાધુ વગર મારું પ્રગટીકરણ નથી.' અને સાધુ કહે, 'મારા પ્રભુ સિવાય મારું અસ્તિત્વ નથી.' એ આખી ઉપાસના પદ્ધતિ દ્વારા સ્વામિનારાયણ ભગવાને માનવોના કલ્યાણ માટે અને એનાથી આગળ વધીને છતીદેહે ઈન્દ્રિયો, અંતઃકરણ, દેહના ભાવથી પર પરમ સુખ પામવા માટેનો શ્રેષ્ઠ માર્ગ સ્થાપિત કર્યો.

બીજું તેઓએ બતાવ્યું કે, પુણ્યશાળી-પાપી, નિયમ-ધર્મવાળો, સારો-ખોટો, બાઈ-ભાઈ એ કશું હું જોતો નથી. જે કોઈ મારે શરણે આવે છે, મારો સ્વીકાર કરે છે, અને મારામાં પરમ દિવ્ય તત્ત્વ માનીને મારી આજ્ઞા ભાવથી પાળે છે એ સૌનો હું છું. બાકી ગમે તેવો નૈષ્ઠિક બ્રહ્મચારી હશે, ગમે એવા સાત્ત્વિકભાવથી જગતમાં સારામાં સારું જીવન જીવતો હશે, તોય મહારાજ કહે, મને એનો ભાર નથી. ધર્મરાજા યુધિષ્ઠિર, ભીષ્મ પિતા, ગુરુ દ્રોણ, કર્ણ; એ બધા મોટા સમર્થ પુરુષો હતા. એમની આગળ તો બધી રીતે અર્જુનની કોઈ વિસાત નહીં. આખા ભારતવર્ષમાં આટલા બધા પુરુષો હતા, પણ શ્રીકૃષ્ણ પરમાત્માએ પોતાનું કાર્ય કરવા માટે અર્જુન પર કળશ ઢોળ્યો, એની ઉપર રાજી થયા અને એને પસંદ કર્યો. ભગવાન એના સારથી બન્યા ને 'ગીતા'ના ઉપદેશ દ્વારા તેને પોતાના

સ્વરૂપનું દર્શન કરાવ્યું કે, 'આ શ્રીકૃષ્ણ માનવ નથી, મારા ભાઈ નથી, મારા કરતાં વધારે બુદ્ધિશાળી કે મારાથી મુઠી ઊંચેરા માનવ નથી; પણ સ્વયં પ્રભુનું સ્વરૂપ છે.' કૃષ્ણ માનવરૂપે હતા છતાં પણ અર્જુને પોતાના ચૈતન્યમાં, પોતાના જીવમાં, પોતાના આત્મામાં એમનો પ્રભુ સ્વરૂપે સ્વીકાર કર્યો. સ્વીકાર કર્યો એટલું જ નહીં, પણ એમનો શરણાગત બન્યો. અને એનાથી પણ આગળ 'કરિષ્યે વચનં તવ'-પ્રભુ તમે કહો એમ મારે કરવું છે. ભગવાન કહે, બસ આ જ એની લાયકાત ને પાત્રતા ! ભગવાને એને નિમિત્ત બનાવીને કાર્ય કર્યું. બાકી, અર્જુનની તો શી તાકાત હતી ? પણ અર્જુને શ્રી કૃષ્ણ ભગવાનને ઓળખ્યા, એમનો ભગવાન તરીકે સ્વીકાર કરી એમનો શરણાગત બન્યો અને પ્રભુને રાજી કરવાના ભાવથી બે હાથ જોડીને એમની આજ્ઞા પાળી, તો ભગવાને પોતાની સાથે રાખ્યો ને પુજાવ્યો. 'આવો જે ભક્ત એ મને વહાલો છે, એનું કાંઈ હું જોતો નથી.' ભગવાને આ વસ્તુ આપણને આપી. ને બીજું, એવા ભક્ત દ્વારા ભગવાન પ્રગટ છે, જેને ગુણાતીત અવસ્થાના સાધુ કહે છે.

પહેલી મૂર્તિ સ્વામિનારાયણ ભગવાને નરનારાયણ દેવની પધરાવીને નરનારાયણ દેવ ગાદી સ્થાપિત કરી. સ્વામિનારાયણ ભગવાને બે ગાદીઓ બનાવી. તેઓએ ભારતના નકશામાં અમદાવાદ અને આણંદની વચ્ચે એક આડી લાઈન દોરી દીધી. તેમાં આખો ઉત્તર ભાગ નરનારાયણ દેવની ગાદી ને આખો દક્ષિણ ભાગ લક્ષ્મીનારાયણ દેવની ગાદી. અમદાવાદ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ખૂબ ધામધૂમથી થઈ. કારણ કે, સંપ્રદાયનું – સ્વામિનારાયણ ભગવાનનું બાંધેલું પહેલું મંદિર હતું. ત્રણ હજાર સાધુઓ અને પાંચસો પરમહંસની પંક્તિના સાધુઓએ સ્વામિનારાયણ ભગવાનનો મહિમા લોકોમાં એટલો બધો પ્રસાર કરેલો, જાગ્રત કરેલો કે, તે વખતે હજ્જારો-લાખ્ખો માણસો ભેગાં થયાં. મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા થયા પછી સ્વામિનારાયણ ભગવાન જે વાત કરે છે એનું આ વચનામૃત છે- 'વચનામૃત ગઢડા મધ્યનું-૨૨ : બે સેનાનું, નરનારાયણ પધરાવ્યાનું.'

મહારાજ પ્રગટ થયા ૧૮૩૭માં. અને મુક્તાનંદ સ્વામીને સંકલ્પ થયા પછી મહારાજે મંદિરો બાંધવાની શરૂઆત કરી. અમદાવાદનું મંદિર કર્યા પછી અને પોતાની ૪૧ વર્ષની ઉંમરે મહારાજ આ કથા કરે છે. ૪૯ વર્ષે ૧૮૮૬માં તો દેહ છોડ્યો. એટલે આઠ વર્ષના ગાળામાં મહારાજે અમદાવાદ, વડતાલ, જૂનાગઢ, ગઢડા, ભૂજ ને ધોલેરા; એમ છ મંદિરો કર્યાં. તમે જુઓ તો એકેએક મંદિર કેટલાં મોટાં ને જાયન્ટ ! અત્યારના આર્કિટેક્ટ પણ વિચાર કરે એવાં મહારાજે મંદિર કર્યાં છે.

***સંવત ૧૮૭૮ના ફાગણ વદિ ૧૦ દશમીને દિવસ શ્રીજીમહારાજ અર્ધરાત્રિને સમે જાગ્યા ને શ્રી ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં શ્રી વાસુદેવ નારાયણના મંદિરની આગળ દક્ષિણાદે મુખારવિંદે ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા.***

અડધી રાત્રિએ મહારાજ ઊઠ્યા. શ્રી વાસુદેવ નારાયણના મંદિરની સામે સંતોના આવાસ હતા. અડધી રાત્રે તો બધા સૂતા હોય ને ! તે બધા સંતોને ઉઠાડ્યા અને તેડાવ્યા – બોલાવ્યા. સંતો પણ કેટલા ખપવાળા, કે બધા ભેગા થયા ! જેને ભગવાનને રાજી કરવાનો ભાવ છે, જેને ભગવાનના થઈને જીવન જીવવાની અંદર સતત અભીપ્સા છે અને ભગવાનના કાર્યમાં હોમાઈ જવાની જેને ધખણા છે; એવા ભક્તો, સંતો રાત-અધરાત-મધરાત-દિવસ કશુંય જોતા નથી. જ્યાં પણ મહારાજનાં દર્શન થાય, મહારાજની વાત સાંભળવા મળે ત્યાં બેસી જતા. ખરા ખપવાળા, આત્માના કલ્યાણની અભીપ્સાવાળા એવા સંતો-ભક્તો ભેગા થયા. મધરાતે વાત કરી છે એટલે ઝાઝા તો સાધુઓ જ હશે, કારણ કે હરિભક્તો તો ઘરે હોયને, એટલે મંદિરમાં રહેતા હોય એટલા આવ્યા.

***ત્યારે શ્રીજીમહારાજ સાધુ પ્રત્યે બોલ્યા જે, 'એક વાર્તા કરીએ તે સાંભળો જે, બે સેના હોય ને તે પરસ્પર લડવાને તૈયાર થઈ હોય ને બેયનાં નિશાન સામસામાં રોપ્યાં હોય.***

ભગવાન એકલા પૃથ્વી પર આવતા નથી.
ભગવાન કહે,
'મારા સાધુ વગર મારું પ્રગટીકરણ નથી.'
અને સાધુ કહે,
'મારા પ્રભુ સિવાય મારું અસ્તિત્વ નથી.'





**ઉપાસના પદ્ધતિ દ્વારા સ્વામિનારાયણ ભગવાને
માનવોના કલ્યાણ માટે અને
એનાથી આગળ વધીને
છતીદેહે ઇન્દ્રિયો, અંતઃકરણ, દેહના ભાવથી પર
પરમ સુખ પામવા માટેનો
શ્રેષ્ઠ માર્ગ સ્થાપિત કર્યો.**

યુદ્ધ થાય ત્યારે દરેક સેનાને પોતાનું નિશાન-ઝંડો હોય. બે સેનાઓ સામસામે ઊભી હોય, તે પોતપોતાના ઝંડા રોપીને લડે. સામી સેનાનો ઝંડો પાડીને આપણો ઝંડો રોપી દઈએ એટલે આપણે યુદ્ધ જીતી ગયા એવું કહેવાય. ભારતની સ્વતંત્રતાની લડત એની ઉપર જ ચાલીને ! બ્રિટિશ ઝંડો ઊતારીને આપણો ઝંડો રોપવામાં કેટલા બધા યુવાનો શહીદ થઈ ગયા !

***પછી બેયના મનમાં એમ હોય જે, 'આપણું નિશાન છે તે એના નિશાનને ઠેકાણે માંડીએ ને એનું નિશાન લઈ લઈએ.' પણ એવો વિચાર નથી થતો જે, 'એના નિશાન લગી જઈશું તેમાં તો કેટલાકનાં માથાં પડશે ને લોહીની નદી ચાલશે.' તેનો તો એને ભય નથી.***

આખું સૈન્ય ઊભું હોય એને પસાર કરીને જવાનું. વચ્ચે એમ ને એમ રહેવા દે ? સામેનાનું નિશાન લેવા જતાં ભૂક્કા નીકળી જાય, કેટલાયનાં માથાં ભાંગે ને લોહીની નદીઓ વહે. આપણે વલ્લભવિદ્યાનગરમાં યોગીબાપાની ૭૫મી જન્મજયંતી ઊજવી ત્યારે અમને ખબર નહીં કે, બહેનોની પ્રવૃત્તિને કારણે સત્સંગમાં અન્ડરગ્રાઉન્ડ કરન્ટ ચાલે છે, એટલે સખત વિરોધ થયો. અમે આશ્ચર્યમાં પડી ગયા ! કારણ કે, યોગીજી મહારાજે ખરેખર અમારી ઉપર એટલી બધી કૃપા વરસાવી કે, બાપા સાથે અમે '૫૬થી '૬૫-૬૬ સુધી હતા, પણ અન્ડરગ્રાઉન્ડ આટલો ભયંકર પ્રવાહ ચાલી રહ્યો છે તેની અમને ખબર જ ના પડવા દીધી. એવા કોઈના સંપર્કમાં બાપાએ અમને આવવા જ ના દીધા. અમને એમના હેતમાં એવા બાંધી રાખ્યા હતા કે, કોઈ એવાને મળવાનું મન પણ ના થાય. ગોંડલ હોઈએ તો બાપાની સેવામાં બાપાની આજુબાજુ જ ફરતા હોઈએ અથવા બાપાએ કહ્યું હોય એટલે પ્રભુદાસ-હરિપ્રસાદ સ્વામી કે મહંત સ્વામીની આજુબાજુ ફરતા હોઈએ. બાકી તો કોઈનો યોગ કરી લઈએ એવું કાંઈ અમને હતું નહિ એટલે અમને કંઈ ખબર નહોતી.

૧૯૬૬ના ૧૫-૧૬-૧૭ મે બાપાની જન્મજયંતી ઉજવવાની તારીખો નક્કી થઈ ગઈ. ગવર્નરને આમંત્રણ આપ્યું. મિનિસ્ટર વિજયકુમાર ત્રિવેદી, મિનિસ્ટર મોહનલાલ વ્યાસને નિમંત્રણ આપ્યું હતું. યુવક અધિવેશનની સાથે ત્રણ દિવસના પ્રોગ્રામ રાખ્યા હતા અને ૧૭મી મેના બાપાની જન્મજયંતીનું મોટું ફંક્શન હતું. મહિનો બાકી રહ્યો ને બધે ડાટી ઊપડી. પત્રિકાઓ વહેંચાઈ અને બહાર ગુબ્બારો ઊડ્યો કે, 'આ સમૈયો ઉજવવા જશો તો ત્યાં વલ્લભવિદ્યાનગરમાં તો તોફાન-ધમાલ થવાની છે.' અમને આશ્ચર્ય લાગ્યું ! તે સમયે ગુજરાતના ગવર્નર શ્રી કાનુન્ગો હતા, એમને પણ કાગળ લખવામાં આવ્યો કે, 'તમે જાવ છો પણ વિચાર કરીને જજો, ત્યાં એટલું બધું તોફાન થવાનું છે, તો સલાહ છે કે, તમે જશો નહિ.' ગુણાતીત જ્યોતની શરૂઆત હતી, બહેનો રહેવા આવવાનાં હતાં ને બાપાની જન્મજયંતી; એમને આ ફંક્શન બંધ રાખવું હતું એટલે ગવર્નર અહીં ના આવે તે માટે આવા શબ્દો વાપર્યા.

ગવર્નર તો કોઈની પત્રિકા, કોઈના કાગળ, કોઈની વાતો માને નહીં ને ! એના ઉપર ધ્યાન આપે ને પુછાવે કે, આ શું બાબત છે ? એમની પોતાની મશીનરી હોય. આપણે આ શીખવા જેવું છે. ગમે એવો ડંબેલ્સ જેવો કોઈ આપણા હરિભક્તની વાત કરી જાય તો ઘણા ડોબા જેવા તેની વાત માની લે. પણ જો એને 'આ બિચારો નીવડેલો ભગત છે, સેવા કરે છે અને એના વિરુદ્ધ તું બોલે છે ? તું એની શું વાત કરે છે ?' પેલા લોકો ગવર્નરને રૂબરૂ મળવા ને ના આવશો તેમ કહેવા પણ ગયા. ગવર્નરે તે લોકોને કહ્યું, 'જુઓ ભાઈ, મારે આવવું-ના આવવું તે મારે મારી રીતે નક્કી કરવાનું હોય. તમે લોકો મને કહી ના શકો કે ના જશો.' આ વાત ગવર્નરે અમારા વાઈસ ચાન્સેલરને કરેલી અને પાછળથી વાઈસ ચાન્સેલરે અમને કહ્યું ત્યારે આ બધી ખબર પડી.

ગવર્નરે અહીંયાં વલ્લભવિદ્યાનગરના વાઈસ ચાન્સેલર શ્રી ઈશ્વરભાઈ સાહેબને ફોન કર્યો કે, 'મારી પાસે આ ડેલિગેશન આવ્યું હતું, ને આવી

વાત કરતા હતા તો સાચી હકીકત શું છે ? તે મને જણાવો. પછી નક્કી કરીએ કે, મારે આવવું કે ના આવવું ?' વાઈસ ચાન્સેલર વિઠ્ઠલભાઈ (વી. એસ.)ને અને સત્સંગી યુવકોને બધાને વર્ષોથી સારી રીતે ઓળખે, એટલે એમણે ગવર્નરને કહ્યું, 'ગવર્નર સાહેબ ! જે છોકરાઓ આ ફંક્શન કરી રહ્યા છે, એ છોકરાઓને હું બહુ સારી રીતે નજીકથી જાણું છું. ગમે તેવી પરિસ્થિતિ ઊભી થશે તો પણ મૅનેજ કરવાની તાકાતવાળા આ યુવાનો છે અને તમને બધા જે કહે છે એવું નહીં બને, એટલો મને વિશ્વાસ છે આ યુવાનો ઉપર ! એટલે તમે નિશ્ચિંતતાથી આવો.' સમૈયામાં ગવર્નર આવ્યા અને બાપાની જન્મજયંતી ધામધૂમથી ઉજવાઈ. વાઈસ ચાન્સેલરને વી.એસ., ડૉક્ટર, રતિભાઈ, અશ્વિનભાઈ, શાંતિભાઈ ઉપર કેટલો વિશ્વાસ ! મુઠ્ઠીભર યુવાનો હતા, પણ બાપાની આજ્ઞા માટે મરી ફિટે એવા હતા, ભુક્કા બોલી જાય તોય ગમે એવું નિશાન પાડી દે તેવા હતા. એમ, નિશાન લેવા જઈએ તો માથું હાથમાં લઈને નીકળવું પડે. મહારાજ એ કહે છે કે, સામાનું નિશાન લેવા જઈએ તો હોમાઈ જવું પડે, ખપી જવું પડે, સર્વસ્વનું સમર્પણ કરવું જ પડે.

***કાં જે શૂરવીર હોય તેને મરવાની બીક હોય નહીં.***

જે શૂરવીર હોય એ ડરે નહીં કે, તોફાન થશે, લોહીની નદીઓ વહેશે; એને તો જે થવાનું હોય એ થાય, પણ નિશાન પાડવું છે, કોઈ પણ સંજોગોમાં ભગવાનને રાજી કરવા છે. બહુ બહુ તો શું થશે ? આ દેહ પડી જશે. બાકી થવાનું છે શું ? દેહ પડી જશે તો પાછા અક્ષરધામમાં જ જઈશું ને !

***અને જે કાયર છે તે તો ભાગ્યાના હજારો વિચાર કરે છે.***

કાયર હોય તે 'આમ વાગશે, તેમ વાગશે, આમ કરીશું તો ખલાસ થઈ જશે તો પછી આપણે ખાઈશું શું ? છોકરાને શું આપીશું ?' આવા વિચાર કરે તેને કહીએ કે, તું બાજુમાં રહે. ભગવાનને અર્થે તમે જેટલા સમર્પિત થશો, ભગવાનને અર્થે જેટલો સમય આપશો, ભગવાનને અર્થે જેટલી ટૅલેન્ટ વાપરશો, ભગવાનને અર્થે તમારી પાસે જે છે તે બધું વાપરશો એ કદી ખૂટતું નથી; સવાયું થાય છે અને વધારામાં એમાં રહેલી જે આસુરી વૃત્તિઓ એ નીકળી જાય છે. પણ આ વસ્તુ સમજવા માટે ભગવાનની કૃપા જોઈએ. મહારાજ એ કહે છે કે, શૂરવીર હોય એ બીજો કશો વિચાર ના કરે, નિશાન લેવું છે એ જ એનું નિશાન હોય. કોઈ પણ પરિસ્થિતિમાં, કોઈ પણ સંજોગોમાં, ગમે તે બને પણ મારે ભગવાનને રાજી કરવા છે, છે ને છે, જે થનારી હોય એ થાય. આ જન્મે આ તક મળી છે તે મારે ગુમાવવી નથી, એ શૂરવીરતા ! ભગવાનને રાજી કર્યા સિવાય બીજો કોઈ મારે સંકલ્પ નથી, મારું ધ્યેય જ એ છે. આવી તક મળી કે મળશે ! સરસ માનવ દેહ છે, સરસ સંજોગો છે, આવા સંતોનો સાથ છે ને સર્વોપરી ભગવાન છે; બસ, આ દેહ એમના માટે કુરબાન છે. એવી શૂરવીરતાથી મંડે તો નિશાન પાડી શકે.

***બેય રાજાના જે શૂરવીર છે તેને તો મરવાનો પણ ભય નથી ને લૂંટવાનો પણ લોભ નથી; પણ તેનું નિશાન લેવું ને પોતાની જીત કરવી એવો જ એક સંકલ્પ છે, એ તો દૃષ્ટાંત છે, એનું સિદ્ધાંત તો એ છે જે, નિશાનને ઠેકાણે તો ભગવાનનું ધામ છે અને રાજાના શૂરવીરને ઠેકાણે તો ભગવાનના દૃઢ ભક્ત છે.***

નિશાન ભગવાનનું ધામ છે, અક્ષરરૂપ થવું છે. અક્ષરં અહં પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપસ્ય દાસોસ્મિ - મારે પ્રગટ ભગવાનના સ્વરૂપના દાસના દાસ થવું છે; એ નિશાન પાડવું છે.

એમના અર્થે જીવન જીવવા નીકળ્યા છીએ એવા આપણને સંતોને કહે છે કે, બધું છોડીને નારાયણી સેનામાં જોડાયા છો તો હવે સાત-પાંચ ના થવું જોઈએ. ગમે તે બને, ગમે તે થાય અક્ષરરૂપ થઈ જ જવું છે; એ જ નિશાન ! સચવાયું-ના સચવાયું, કોઈએ માન્યું-ના માન્યું, ચીજ-વસ્તુ-પદાર્થ મળ્યાં-ના મળ્યાં, જવાનું મળ્યું-ના મળ્યું, ચાલીને

ભગવાનને અર્થે તમે જેટલા સમર્પિત થશો,
જેટલો સમય આપશો,
જેટલી ટૅલેન્ટ વાપરશો,
તમારી પાસે જે છે તે બધું વાપરશો એ કદી ખૂટતું નથી;
સવાયું થાય છે અને
એમાં રહેલી જે આસુરી વૃત્તિઓ
એ નીકળી જાય છે.





**આપણું નિશાન ભગવાનનું ધામ છે,
અક્ષરરૂપ થવું છે.
અક્ષરં અહં પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપસ્ય દાસોસ્મિ -
મારે પ્રગટ ભગવાનના સ્વરૂપના દાસ થવું છે;
એ નિશાન પાડવું છે.**

જવાનું થયું-ગાડીમાં જવાનું થયું-પ્લેનમાં જવાનું થયું; એ કશું જોવાનું નહીં. ભગવાનનું કામ કરવાનું છે એ જ મારું નિશાન છે, બાકી કંઈ નથી. ભગવાનને રાજી કરવા છે એ જ મારી ભક્તિ છે, બાકી કાંઈ નથી. એમના સામું જ જુએ, બીજા સામું જુએ નહીં. માન થાય કે અપમાન થાય, આગળ બેસાડે-પાછળ બેસાડે, નામ બોલે-ના બોલે, વસ્તુ મળે-ના મળે, શરીર રોગી રહે કે નિરોગી રહે, દેહ જીવો કે મરો; પણ ઘાટ ના કરે કે, મને બચાવો. દેહ માટે કોઈ પણ પ્રકારનો ઘાટ-સંકલ્પ થાય નહીં. દેહ માટે કાંઈ વિચારે નહીં. જે પણ વિચારે એ જીવથી ભગવાનને રાજી કરવાનું જ વિચારે, બાકી કાંઈ કરે નહીં એ સાધુ !

યોગીબાપાએ કહ્યું, 'તમારા સૌનું હૃદય ભગવું કરવું છે.' હૃદય ભગવું એટલે ભગવાન આપણને ગમે તે બાજુથી ખંખેરે તો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સિવાય કશું ના નીકળે એ સાધુ ! એક ભગવાનની જ અપેક્ષા, ભગવાનને રાજી કરવા માટે જ પ્રવૃત્તિ, ભગવાનના થઈને જીવન જીવવા માટેનું જ કાર્ય ને ભગવાનની જ સ્મૃતિ ને ભગવાન તરફ જ દૃષ્ટિ ! બીજા તરફ જોવાની દૃષ્ટિ નહીં એ સાધુ ! અને સો ટકા એમને પ્રામાણિક અને વફાદાર રહીને આ દેહને વાપરવાનો, પાછો દેહને પપલાયા નહીં કરવાનો, એને બેસાડી નહીં રાખવાનો.

અશ્વિનભાઈ, શાંતિભાઈ, મોટેરા સંતો ને આ બધાય સંતો કેટલી બધી પ્રવૃત્તિ કરે છે ! આ સંતો દેહને ગણ્યા વગર પ્રવૃત્તિ કરે છે. ઓછામાં ઓછાં સાધનોથી વધુમાં વધુ ભગવાનનું કામ થાય ને ભગવાનની સુવાસ પ્રસરે એવું જીવન જીવવાનો આલોચ રાખીને જે જે સંતો મંડ્યા છે, એ ભગવાનની પ્રસન્નતાનાં પાત્ર કહેવાય. એમને જોઈએ, એમનું જીવન જોઈએ, તો ખ્યાલ આવે કે, આ સામાન્ય માણસો નથી. આ બધા બીજા ફરે છે એવા સાધુઓ નથી, ભગવાનની અત્યંત પ્રસન્નતાનાં પાત્રો છે. જેમના દ્વારા ભગવાન આપણને દર્શન દે છે, આશીર્વાદ આપે છે. એમની સેવા કરવાથી, એમના વચને ભક્તિ કરવાથી ભગવાન સો ટકા રાજી થાય છે, એવા આ સાધુઓ છે.

***એ ભક્તજનના હૈયામાં તો એ જ દૃઢ નિશ્ચય છે જે, 'આ દેહે કરીને ભગવાનના ધામમાં નિવાસ કરવો છે પણ વચમાં ક્યાંય લોભાવું નથી.' અને કાયરને ઠેકાણે જે દેહાભિમાની એવા ભગવાનના ભક્ત છે તેને તો પ્રભુ ભજ્યામાં હજાર જાતના ઘાટ થાય છે.***

વચમાં ક્યાંય - કોઈ લોકમાં લોભાવું નથી. કાયર એટલે દેહાભિમાની. દેહનું લાલનપાલન કરે, દેહની જરૂરિયાતો માટેની ઈચ્છાઓ રાખે, દેહ સાજો થાય-બીમાર થાય ત્યારે હાયવોય કરે એવા દેહાભિમાની, દેહાભ્યાસી. સભા હોય ત્યારે આળસ કરે, ભજન-પ્રાર્થના હોય તો આળસ કરે, શ્રમયજ્ઞ હોય, સત્સંગમાં જવાનું હોય ત્યારે માથું દુઃખે છે ને પેટ દુઃખે છે ને પગ દુઃખે છે એવાં બહાનાં કાઢ્યા કરે; ભગવાને એને કાયર કહ્યા.

આ વડીલ સંતોની તબિયત તમે જુઓ. આમ દેખાય છે સારા, પણ ઉંમરને કારણે ડાયાબિટીસ ફ્લક્ચ્યુએટ થાય, માથું ચઢે, રાત્રે ઊંઘ ઉડી જાય, શરીરની તકલીફ હોય છતાં પણ કોઈ દિવસ આળસ, પ્રમાદ કર્યો નથી. ભગવાનની સેવા હોય, ભગવાનની ભક્તિ હોય, સાધકોનું કામ હોય કે હરિભક્તોનું કામ હોય, અધરાત-મધરાત કોઈ સમય જોયા વગર કે કોઈ તકલીફને ગણ્યા વગર સતત ભગવાનની ભક્તિ કર્યા કરે છે. તો એને કારણે એમની સાથે સાથે આપણા એકએક સંતોને જોઈએ તો કેટલી બધી ભક્તિ કરે છે ! પગ દુઃખે, માથું દુઃખે, કમર દુઃખે, હાથ દુઃખે તોય જવાબદારી લઈને સતત કામ કરે છે, સેવાઓ કરે છે. આળસ નથી કરતા કે, આજે મને દુઃખે છે એટલે નહીં આવું, નહીં કરું; એ શૂરવીરતા ! કે, ભગવાનને રાજી કરવા માટે આ દેહ કુરબાન છે. દેહને કહે કે, તારે દુઃખવું

હોય તો દુઃખ, બીમાર પડવું હોય તો પડ, પણ ખબરદાર ! સેવા તો કરવાની જ છે. એમ કહે એટલે શરીર ફફડી જાય. શૂરવીરથી તો દેહ ધ્રૂજે.

***જો કરડાં વર્તમાન થશે તો નહીં નભાય ને સુગમ વર્તમાન હશે તો નભાશે.***

મહારાજ કહે છે કે, હે સંતો ! જે ભક્તો આપણી જોડે જ જીવતા હોય છે, એમના તરફ આપણે દૃષ્ટિ રાખીને જોઈએ તો એમનો મહિમા વધી જાય, એમનામાં નિર્દોષભાવ વધી જાય. એમની સાથે કામ કરવામાં, એમની સાથે બેસવામાં, એમની વાતો સાંભળવામાં આપણને એક અનેરો આનંદ આવે. સ્વામિનારાયણ ભગવાન એ મહિમા સમજાવે છે. જગતમાં જે કાયર માણસો છે, એમાંના આ નથી. એકેએક જોરદાર યોદ્ધા છે. લશ્કરમાં શૂરવીર યોદ્ધાને પરમવીર ચક્ર આપે. લશ્કરમાં લાખો સૈનિકો છે, પણ બધાને ચક્ર નથી મળતું. એમ આ બૅજ ને 'પરમ એકાંતિક' ને 'એકાંતિક' એવી પદવીઓ એમ ને એમ નથી મળતી, આ બધા હોમાઈ ગયેલા છે એટલે મળી છે. એવાનો મહિમા એમની હયાતીમાં સમજાઈ જાય તો મહારાજ કહે, બેડો પાર થઈ જાય. નિશાન લીધેલા આ માણસો છે.

***અને વળી એવો પણ વિચાર કરે જે, 'આવો ઉપાય કરીએ તો સંસારમાં પણ સુખિયા થઈએ અને નભાશે તો હળવા હળવા સત્સંગમાં નભીશું.' એવો ભક્ત હોય તે કાયરને ઠેકાણે જાણવો. અને શૂરવીર જે ભગવાનના દૃઢ ભક્ત હોય તેને તો પિંડ-બ્રહ્માંડ સંબંધી કોઈ જાતનો ઘાટ ન થાય.***

સત્સંગમાં માળા ફેરવીએ, પૂજા કરીએ, બે સમય આરતીમાં જઈએ ને સભામાં જઈએ એટલે બસ બહુ થઈ ગયું, આપણે વધારે કરવું નથી. વધારે કરવામાં ભીડો પડે ને ? મહારાજે એને ઈલકાબ આપી દીધો 'કાયર'. પણ જેને ભગવાનને રાજી કરવા સિવાય કોઈ ઘાટ જ ના હોય, કોઈ વિચાર જ ના હોય, અને ભગવાનને રાજી કરવા મારે શું કરવું છે ? એનો જ વિચાર આવે, બાકી કોઈ વિચાર ના આવે એ શૂરવીર ભક્ત છે. નિશાન લેવું છે, અક્ષરરૂપ થવું છે.

મહારાજ હવે પોતાની વાત કરે છે તે સાંભળવા જેવી છે. આપણને સમજાવે છે કે, સમૈયા-ઉત્સવ કરો, મંદિર કરો, સત્સંગનો પ્રસાર કરો, સભાઓ કરો; પણ સતત આપણી અંતરદૃષ્ટિ પ્રભુ તરફ હોવી જોઈએ.

***પછી શ્રીજીમહારાજે પોતાના વૃત્તાંતની વાર્તા કરવા માંડી જે, 'અમે અમદાવાદમાં શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરવા ગયા હતા ત્યારે હજારો માણસનો મેળો ભરાયો હતો. પછી જ્યારે શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા થઈ રહી અને અમદાવાદના બ્રાહ્મણો ચોરાશી જમી રહ્યા પછી અમે સાબદા થઈને ચાલી નીસર્યા.***

અમદાવાદમાં શ્રી નરનારાણ દેવની પ્રતિષ્ઠા કરી ત્યારે હજારો માણસોનો મેળો ભરાયો હતો. માણસો, માણસો ને માણસો. મહારાજે લાખો માણસોની મેદનીમાં મંદિરમાં શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી. તે સમયે બ્રાહ્મણોની ચોરાશીનો બહુ મહિમા હતો. બધા બ્રાહ્મણોને ચોરાશીમાં જમાડ્યા અને બ્રાહ્મણો જમી રહ્યા પછી મહારાજ રોકાયા નહિ, તરત જગ્યા છોડી દીધી. માણકી ઘોડી ને થોડા સંતોને લઈને મહારાજ નીકળ્યા ને જેતલપુર જઈને રાત રોકાયા.

***જેતલપુરમાં જઈને રાત રહ્યા. પછી ત્યાં જઈને એવો વિચાર કરવા માંડ્યો જે, 'જેટલાં માણસ દેખ્યાં છે ને જેટલી પ્રવૃત્તિ દેખી છે તેને ટાળી નાંખવી.' પછી તેને વિસાર્યાને અર્થે હૈયામાં અતિશય દુઃખ થયું, તેણે કરીને શરીરે પણ માંદા થઈ ગયા.***

જોયું, આપણને મહારાજ શિખવાડે છે કે, પ્રવૃત્તિ કરો, સમૈયા-ઉત્સવ કરો, તેનાથી ભાગવાનું નથી. સાધુ થયા હોય કે ગૃહસ્થ હોય-

**એક ભગવાનની જ અપેક્ષા,**
**ભગવાનને રાજી કરવા માટે જ પ્રવૃત્તિ,**
**ભગવાનના થઈને જીવન જીવવા માટેનું જ કાર્ય ને**
**ભગવાનની જ સ્મૃતિ ને ભગવાન તરફ જ દૃષ્ટિ !**
**બીજા તરફ જોવાની દૃષ્ટિ નહીં એ સાધુ !**





**જે પ્રવૃત્તિ મળી હોય એ પ્રવૃત્તિ કરવાની પણ ધ્યાન શું રાખવાનું ? પ્રવૃત્તિ સાથે એટેચ નથી થવાનું, પ્રવૃત્તિનો કર્તાભાવ નથી રાખવાનો, 'મેં કર્યું', 'મારા થકી થયું', 'હું આમાં હતો' એમ નહીં, પણ ભગવાને કરાવ્યું, ભગવાને સોંપેલી સેવા, ભગવાનના ભાવથી કરી એ નિર્લેપભાવ !**

ભગવાનને રાજી કરવા માટે જે પણ પ્રવૃત્તિમાં આપણને જોડ્યા છે એ પ્રવૃત્તિ દ્વારા જ અક્ષરરૂપ થવું છે, બ્રહ્મસ્વરૂપ થવું છે. તમે મૅડિકલ કૉલેજમાં દાખલ થયા પછી તે કૉલેજમાં જ તમારે ડૉક્ટર થવાશે. ત્યાંથી ભાગશો ને નદી કિનારે જઈને પલાંઠી વાળીને ધ્યાન કરશો તો ડૉક્ટર નહીં થવાય; તપસ્વી થશો. એમ, મહારાજ કહે કે, જે પ્રવૃત્તિ મળી હોય એ પ્રવૃત્તિ કરવાની પણ ધ્યાન શું રાખવાનું ? ભગવાન આપણને શિખવાડે છે કે, પ્રવૃત્તિ સાથે ઍટેચ નથી થવાનું, પ્રવૃત્તિનો કર્તાભાવ નથી રાખવાનો, 'મેં કર્યું', 'મારા થકી થયું', 'હું આમાં હતો' એમ નહીં, પણ ભગવાને કરાવ્યું, ભગવાને સોંપેલી સેવા, ભગવાનના ભાવથી કરી એ નિર્લેપભાવ !

***પછી ત્યાં થકી ધોળકે જઈને રાત રહ્યા.***

મહારાજ કહે છે કે, જેતલપુરમાં રાત રહ્યા પછી વિચાર કર્યો. લાખો માણસો, આટલી વાહવાહ, આટલો જયજયકાર, આટલું ભવ્ય મંદિર, ભવ્ય મૂર્તિઓ તેના વિચારોને ટાળી નાખવા માટે હૈયામાં ખૂબ દુઃખ થયું અને ત્યાં મહારાજને તાવ જેવું આવી ગયું. એટલે જેતલપુરથી નીકળીને ધોળકા ગયા. ધોળકાથી પણ આગળ નાનું ગામડું હતું કોઠ્ય, તેની રાયણો હતી, એ રાયણોમાં જઈને મહારાજ રહ્યા.

***અને ધોળકાના ચાલ્યા એ ને એ વિચારમાં ગામ કોઠ્યને પાસે ગણેશ ધોળકાની રાણ્યોમાં જઈને રાત રહ્યા.***

મહારાજ આપણને શિખવાડે છે કે, આ રીતે અંતર્દષ્ટિ કરીને એટલે કે, આત્મામાં બિરાજમાન પરમાત્મા સામે જુઓ તો તમને અંદરનું બધું દેખાશે કે, આપણે કેવા ભાવથી સેવા કરી ? આપણે કેવી ભક્તિ કરી ? કેવી રીતે ઈન્વોલ્વ થયા ? એનાં દર્શન થશે.

***તે વિચાર એવો કરવા માંડ્યો જે, દેહની સ્મૃતિ ન રહી. પછી વિચારતાં વિચારતાં સર્વે પ્રવૃત્તિને વિસારી મેલી ને જેવા અમે કાંકરિયે તળાવ ઊતર્યા નહોતા ને મેળો પણ ભરાયો નહોતો ને ત્યારે કોઈ જાતનો ઘાટ નહોતો, તેવી રીતે સર્વ ઘાટ ટાળી નાખ્યા.***

જોયું ? મેળો ભરાયો નહોતો, મંદિર હતું નહીં, મૂર્તિઓ પધરાવી નહોતી ત્યારે કોઈ પ્રકારનો ઘાટ હતો નહીં. એમ બધું વિસારી દેવું, સર્વે ઘાટ ટાળી નાખવા. ભગવાન કહે, કર્તાપણાનો ભાવ છોડી દો તો ભાર નહીં લાગે. આપણને થોડો ભાર રહે છે, જેને ટેન્શન કહેવામાં આવે છે એ. હું કંઈક કરી રહ્યો છું - એ દેહભાવ છે, યાદ રાખો ! એનાથી ગભરાવાનું નથી, મુઝાવાનું નથી, પણ આપણને અંતર્દષ્ટિ રહે કે, 'પ્રભુ તું કરી રહ્યો છું તો તું જ કરજે, તું જ બળ આપજે.' આવી સતત પ્રાર્થના રહે તો એ ભાવ નીકળી જશે. કામ નથી છોડવાનું, કર્તાપણાનો ભાવ છોડવાનો છે, દેહભાવ છોડવાનો છે.

ગાંધીજીની પ્રાર્થનાસભામાં એક ભાઈ રેગ્યુલર આવતા હતા. થોડા સમય પછી આવતા બંધ થઈ ગયા. એ ભાઈને એવું હતું કે, પ્રાર્થનાસભામાંથી છૂટ્યા પછી બીડીની તલપ બહુ લાગે, બહાર નીકળીને બીડી પીવે. એટલે ઘણા બધા એને ઠપકારે કે, 'બાપુ પાસે પ્રાર્થનામાં આવે છે ને બીડીનું વ્યસન રાખે છે ?', એટલે પેલા ભાઈએ પ્રાર્થનાસભામાં આવવાનું જ છોડી દીધું. બાપુએ પૂછ્યું કે, 'આ ભાઈ કેમ દેખાતા નથી ?' એટલે એક જણાએ કીધું કે, 'બાપુ, એ પ્રાર્થનામાં આવતા હતા, પણ એને બીડીનું વ્યસન હતું. એને બે-ચાર જણાએ ટોક્યા એટલે એણે પ્રાર્થના છોડી દીધી.' બાપુ કહે, 'બેમાંથી એક રાખવાનું હોય તો શું કરવું જોઈએ ? છોડવી જ હતી તો એણે બીડી છોડવી જોઈતી હતી ને પ્રાર્થના ચાલુ રાખવાની હતી.' બેમાંથી એક વસ્તુ છોડવાની હોય તો જે નુકસાન કરે એ છોડી દેવાનું હોયને ! ◆

(ક્રમશઃ)





# સાધુ હૃદયની પ્રાર્થનાગંગા

**પ્રભુ પરમ**... પ્રગટ પુરુષોત્તમ
અક્ષર સ્વરૂપે પ્રત્યક્ષ નયનગોચર
મળે છે... ઓળખાય કેવળ કૃપાથી
માહાત્મ્ય છલકાય... સમર્પણ થાય
ભક્તો-સંબંધી સર્વનું માહાત્મ્ય સમજાય
'સ્વ' ઓગળતું જાય... નિર્દોષ થવાય
સંબંધી સર્વ મોટા મનાય... દાસ બનાય
પ્રભુ રાજી થાય... પ્રત્યક્ષ પ્રસન્ન થાય
આતમે પ્રભુનો અખંડ નિવાસ અનુભવાય
સેવા-ભક્તિ નિર્દંભપણે થતી રહે
સર્વત્ર સર્વમાં પ્રભુનાં દર્શન થઈ રહે
સહજાનંદ પ્રાપ્ત થાય ને સુખી થવાય
જગત - પંચવિષય જિતાઈ જાય
કેવળ પ્રભુ સંબંધે અહોહો ! થયા કરે.
સંતત્વ મહેંકી રહે... પ્રભુ વિલસી રહે.

આપણે આવી પરમ પ્રાપ્તિ માટે ઝંખીએ
પળનો વિલંબ કર્યા વિના પ્રત્યક્ષને પ્રણમતા રહીએ
મન-બુદ્ધિ-ચિત્તનાં સમર્પણ ધરતા રહીએ
દૃષ્ટિ દિવ્ય થતાં સર્વત્ર તેઓને અનુભવતા રહીએ
કર્તા તે માનતા રહીએ ને વંદના કર્યા કરીએ
સમગ્ર સમર્પિત થઈ જ જશે... શૂન્યભાવ થશે.

પ્રભુ મલપતા રહી આવકારશે
ગળે લગાવી, પોતામાં ઓગાળશે
આસપાસનાં સૌ ઓગળી ગયાં... દીસશે.
સૌ આ મારાં જે મારા પ્રભુનાં-સાહેબજીનાં
તેને વિનમ્રભાવે વંદન થતાં રહેશે
સૌ મોટાં... માથાનાં મુગટ... કૈવલ્યમૂર્તિ
તે દર્શન કરી ધન્ય ધન્ય થઈ જવાશે.

શ્રીજી આ બ્રહ્માંડે પ્રગટ થયા...
તે દિવ્ય કાર્ય... એકાંતિક ધર્મ સ્થાપનનું કાર્ય કરવા
ગુણાતીત સ્વરૂપે પ્રગટ રહ્યા...
સર્વ સંબંધિત આત્મામાં પ્રભુ પધરાવવા
'સાહેબજી' આજે પ્રગટ પ્રત્યક્ષ...
આપણને પ્રભુ આપવા ને સુખી કરવા
આપણે સૌ હવે... ચાલો 'સાહેબ' પ્રગટાવીએ
શ્રીજી-સ્વામી સ્વરૂપ 'સાહેબ' અંતરે પ્રગટાવીએ.



સાધુ શાન્તિદાસના જય સ્વામિનારાયણ.

*સાહેબ-શ્રીજી પ્રાગટ્ય... ૨૯ માર્ચ-૨૧ એપ્રિલ... અનુસંધાને લખ્યું*



# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા

શ્રી 'યોગીગીતા' પારાયણ,
૨૯ એપ્રિલ ૨૦૧૮, ખારઘર, નવી મુંબઈ

(ગતાંકથી ચાલુ...)

**નિયમની** માળા કરવી, નિયમની ધૂન કરવી, નિયમનું મંત્ર-લેખન કરવું; એ બધી પણ સેવા જ છે. સેવવાનું છે, રાત-દિવસ રટણ કરવાનું છે. અને શ્રેષ્ઠ સેવા એ આ જ સેવા છે. આપણે સેવા સ્વરૂપે જે આપીએ છીએ, ચીજ-વસ્તુ-પદાર્થ અર્પણ કરીએ છીએ એને આપણે 'સેવા નોંધાવી', 'સેવા આપી' એમ કહીએ છીએ. એ તો આપવાની જ છે, અને એ આપીશું ત્યારે તો સંસ્કાર પડશે, ત્યારે આ વાત પણ સમજાશે અને ત્યારે એમની સાથે જોડાવાશે. પોતાનામાંથી થોડોક ભાગ ભગવાનને માટે કાઢ્યો, ભક્તોને માટે કાઢ્યો એ સેવા છે. અને સેવાથી તો લગાવ થાય છે. એમની સાથે જોડાવાનું, એમની આજ્ઞા-વચન પાળવાનું નિમિત્ત મળે છે. એ સેવાથી આપણા સંસ્કાર બંધાય છે અને આ માર્ગે ચાલવાનું આપણને ફ્યુઅલ એટલે કે બળ મળે છે. પણ યોગીબાપાને જે સેવા જોઈએ છે, એ સેવા છે-'મારા ભક્તોને દોષરહિત માનો.'

કોઈને કંઈ કહેવું પડે, કથવું પડે, ટોકવું પડે કે કશું સૂચન કરવું પડે અને એવું કરીએ, પણ એમણે કહ્યું કે, 'ભગવાનના ભક્તથી મન નોખું ના પડી જાય.' ફરજના ભાગ રૂપે કહેવું પડે એટલે કહ્યું. મંદિરના કોઠારી હોય એટલે મંદિરની ચીજ-વસ્તુ-પદાર્થ, મંદિરની આજુબાજુની બધી સ્વચ્છતા, બધી જ બાબતોની તેઓ ધ્યાન ને કાળજી રાખતા હોય એટલે કોઈને કંઈ કહેવું પડે, કથવું પડે એટલે એને નિર્દોષ ના માન્યો એવું એનું અર્થઘટન થતું નથી. પણ મારે દોષરહિત થવું છે, એના માટેની આ પાયાની શરત છે.

એક વિડિયો ક્લિપની વાત કરું. એક આશ્રમમાં એક ગુરુજીને એક નવો આવેલો સેવક મળે છે. ગુરુજી પણ એના પ્રત્યે બહુ જ ભાવ બતાવે છે. એટલે જૂના શિષ્યો અંદરોઅંદર વાત કરે છે. જુઓ, આવું આપણને બધાને થતું હોય છે. આ પ્રસંગને આપણે આપણી પોતાની ઉપર લાગુ પાડીશું અને સાહેબદાદા સાથેનું આપણું જે વર્તન છે, આપણી જે અપેક્ષાઓ છે અને આપણે જે રીતે મનુષ્યભાવ લાવીએ છીએ, તે માટે બહુ સુંદર રીતે એક નાટકના સ્વરૂપમાં આ સુંદર ક્લિપ આવેલી છે.

બે જૂના શિષ્યો અંદરોઅંદર વાત કરે છે કે, 'આ પેલો નવો આવ્યો છે, એને ગુરુજી પક્ષપાત કરી એટલો બધો પ્રેમ આપે છે, માન આપે છે, આદર આપે છે. અને આપણે જૂના માણસો છીએ, આપણા લીધે તો સંસ્થા ઊભી થઈ.' 'આપણે પાયાના માણસો, ખપી ગયા.' આવા ઘણા બધા ભાષાપ્રયોગ આપણે પણ સાંભળ્યા છે. એક દિવસ હિંમત કરીને બંને જણા ગુરુજી પાસે પહોંચ્યા અને ફરિયાદ કરી કે, 'આજકાલ પેલો નવો આવ્યો છે એને તમે વધારે અગત્ય આપો છો. અને એને બ્રહ્મવિદ્યા પણ તમે ખાનગીમાં અમારા કરતાં વધારે શિખવાડી દેતા હોય એવું લાગે છે.' ગુરુજીએ વાત સાંભળી લીધી, પછી એમણે કહ્યું, 'તમને જે શિખવાડું છું, એ જ એને શીખવાડું છું, તમને જે રીતે આશ્રમમાં સુવિધાઓ મળે છે, એ રીતે એને પણ મળે છે.' ત્યારે આ શિષ્યો કહે, 'ના, અમે છેલ્લા ઘણા દિવસોથી જોઈએ છીએ કે, તમે એના તરફ વધારે ઢળી ગયા હોય એવું દેખાય છે.' ગુરુજી કહે, 'ચાલો, તમારી વાત માનીએ, પણ હું તમને એક કામ કહું, એ તમે કરશો ?' તો કહે, 'હા.' ગુરુ કહે, 'એક કામ કરો, સામે નદી પાર પેલું ગામ છે જ્યાં આપણે અવારનવાર જઈએ છીએ, તે ગામમાં જાવ અને એ ગામમાંથી કોઈ એક નિષ્પાપી માણસને લઈ લાવો.' આધ્યાત્મિક રીતે ઉપયોગી અને આપણી જાતને પ્રશ્ન પૂછી શકાય એવી સુંદર આ વાત છે. ફરિયાદ કરનારા જે શિષ્યો હતા એમાંનો એક શિષ્ય નદી પાર જાય છે. ગામના લોકોને મળે છે અને બધાની ઊલટ તપાસ કરે છે. બધા લોકો પ્રામાણિકપણે પોતેપોતાના જીવનમાં કરેલું કંઈક ખોટું કામ, ભૂલ, એનો પશ્ચાત્તાપ; એ બધું જણાવીને કહે છે કે, 'ધર્મ-નીતિના માર્ગે ચાલવું બહુ અઘરું છે.' દરેકે પોતાની રીતે આવી કબૂલાત કરી એટલે સંપૂર્ણપણે નિષ્પાપી માણસ એમને કોઈ મળતો નથી. તે શિષ્ય પાછો આવે છે અને ગુરુજીને કહે છે કે, 'તમે માંગ્યો એવો માણસ સામા ગામમાં કોઈ વસતો નથી.' ગુરુ કહે, 'આટલી બધી વસ્તી છે ને કોઈ ના મળ્યું ?' ત્યારે કહે, 'ના. કોઈ ના મળ્યું.' ગુરુ કહે, 'સારું, કાંઈ વાંધો નહીં.'

પછી ગુરુએ બીજો જે નવો આવેલો શિષ્ય હતો, એ શિષ્યને બોલાવ્યો, અને કહ્યું, 'એક કામ કરશો ?' શિષ્ય કહે, 'જી ગુરુદેવ !' ગુરુ કહે, 'નદીની સામે પારના ગામમાં જાવ અને કોઈ પાપી માણસને શોધી લાવો.' એટલે એ પણ ગયો. વ્યક્તિગત રીતે ગામના બધા લોકોને મળી દરેકને પૂછ્યું અને દરેકના જીવનનો ઈતિહાસ જાણવા-સમજવાનો પ્રયત્ન કર્યો. પછી ખાલી હાથે પાછો આવ્યો, કોઈને સાથે લઈને ના આવ્યો અને કહ્યું, 'ગુરુજી, ક્ષમા કરજો, આપે મને કામ સોંપ્યું, પણ એ કાર્ય પૂર્ણ કરવામાં હું સફળ થયો નથી. અને આપની જે મને આજ્ઞા હતી કે, કોઈક પાપીને શોધી લાવ, પણ હું કોઈને લઈ આવી શક્યો નથી.' ગુરુજી એને પૂછે છે કે, 'તને કોઈ પાપી માણસ મળ્યો નહીં ?' ત્યારે કહે, 'ના.' આગળ પેલા શિષ્યએ તો બધા પાપી છે એમ જ કહ્યું હતું, જ્યારે આ શિષ્ય કહે છે કે, 'દરેક માણસોએ એમના જીવનમાં કંઈક ને કંઈક તો શુભ અને મંગલ કર્યું છે, પુણ્ય કમાયાં છે એટલે આપે કહ્યું એ પ્રમાણે સંપૂર્ણ પાપી કોઈ વ્યક્તિ મને મળી નથી.' એટલે ગુરુજીએ પેલી ફરિયાદ કરતા હતા એ બે શિષ્યો તરફ ખાલી જોયું કે, 'જોયું ? તમને કોઈ સજ્જન દેખાતો નથી અને આને કોઈ દુર્જન દેખાતો નથી.'

આ બહુ પાયાની વાત છે અને એટલે સૌથી પહેલામાં પહેલું લખ્યું કે, 'પોતાના દોષ ના ઓળખાય.' એ ભક્તિમાં સૌથી મોટામાં મોટું વિઘ્ન ! આપણે બીજાના દોષ ટાળવા, બીજાને સુધારી દેવા, બીજા સરખા ચાલે એ માટે જાણે કે ઈજારો લઈને ઉપરથી આવ્યા હોઈએ અને એ જ આપણું ધર્મકાર્ય હોય એવી રીતે આપણે આપણી ફરજ બજાવતા હોઈએ; એમના માટે આ સૌથી પહેલી જાગ્રત બાબત છે. સંસાર છે, વ્યવહાર છે, એમાં દોષ, ત્રુટિ કે ખામી હોવી એ સ્વાભાવિક છે. પણ જેણે જેવા રંગનાં ચશ્માં પહેર્યાં હોય તેને તેવી દુનિયા દેખાય. એની ઉપર આપણે જો ઊંડું ચિંતન કરીએ તો આપણે ઊંડા ઊતરી જઈએ. બપોરે ભલે સારું જમ્યા હોઈએ પણ સાંજે જમવાની ઈચ્છા ના થાય કે સાલુ, આ બધો કચરો અહીંયાં જ ભરાયો છે ? અને જેને એમ થાય કે, આ બધો કચરો અહીંયાં મારામાં જ ભરાયો છે, તો એ પછી બીજાનો કચરો સાફ કરવાની ચિંતા કરશે નહીં. પહેલાં તે પોતાની જાતસફાઈ માટે સંકલ્પ કરી, તે અલ્ટિમેટ ભક્તિનું જે ખરેખર ફળ છે તેને પામવા માટે લાયક બનશે.

જ્યારે આપણે સમૂહમાં ભક્તિ કરતા હોઈએ ત્યારે આ બાબત બહુ આવશ્યક છે. એકલા ગુફામાં બેસીને વનમાં તપશ્ચર્યા કરતા હોઈએ, તો ત્યાં તો કોઈ છે જ નહીં, એટલે કોઈનું જોવાપણું છે જ નહીં. પણ આપણે તો સમૂહમાં ભક્તિ કરીએ છીએ, જીવંત પ્રવાહમાં રહીને ભક્તિ કરીએ છીએ, રોજિંદી ઘટનાઓ જીવતાં જીવતાં ભક્તિ કરીએ છીએ; એટલે આમ જોવા જઈએ તો સંન્યાસ કરતાં આ વ્યવહારમાર્ગ ઘણો અઘરો છે. સંન્યાસીને તો લંગોટી ને તુંબડી; એ બેની જ ચિંતા કરવાની રહી જ્યારે સંસારીને તો બધી જ ચિંતા કરવાની અને એની સાથે સાથે પોતાની જાત તરફ અંતર્દૃષ્ટિ કરીને પાછા વળવાનું.

અંતર્દૃષ્ટિ કરવી એટલે પોતાના દોષોનું ચિંતન કરવું, એવો એનો અર્થ થતો નથી. કેટલાક સાધકો એ ખાડામાં પડે છે. જેમ મધ ચાખવા માટે માખી મધ પર બેસે પણ સૂંઢથી મધ લેતાં લેતાં તેની પાંખો મધ જોડે ચોંટી જાય પછી એમાંથી તે ઊડી શકે નહીં, ઊખડી શકે નહીં. એમ ઊંધું લઈને મંડેલા સાધકો જેનું ચિંતવન કરવાનું છે તેનું ચિંતવન કરવાને બદલે 'મારામાં આ દોષ છે ને મારામાં તે દોષ છે', 'મને આમ થઈ જાય છે ને મને તેમ થઈ જાય છે' એમ પોતાના દોષોનું ચિંતવન કરીને મધમાં બેઠેલી માખીની માફક મધમાંથી મીઠાશ ખેંચવાને બદલે એમાં આપઘાત કરે છે, સમજજો આ ! અને એને માટે અત્યારે બહુ સુધરેલો એક શબ્દ છે 'ડિપ્રેશન' અને એના માટેનો બીજો સારો શબ્દ છે 'આત્મગ્લાનિ'. પોતાની જાતને જ પીડે, પોતાની જાતને જ દોષ દે; પણ એમ કરીને જે પાવરહાઉસ છે, જેમાંથી પાવર લેવાનો છે એનું ચિંતવન કરવાને બદલે પોતાનું ને પોતાનું જ તે ચિંતવન કરે છે. પહેલાં પારકી ચિંતા લઈને બેઠો હતો, હવે પોતાની ચિંતા લઈને બેઠો છે. ભલેને સાહેબદાદા અક્ષરમુક્ત, અક્ષરમુક્ત કહ્યા કરે, પણ તે ચિંતામુક્ત થઈ શકતો નથી. ચિંતા નહીં આપણે ચિંતવન કરવાનું છે. અને કોનું ચિંતવન કરવાનું છે ? તો જે ઊર્જાસ્રોત છે, જે શક્તિપીઠ છે, જે સંજીવની દેનારા છે એનું ચિંતવન કરવાનું છે.

*'વાણી અમૃતથી ભરી મધુસમી, સંજીવની લોકમાં,*

*દૃષ્ટિમાં ભરી દિવ્યતા નીરખતા, સુદિવ્ય ભક્તો બધા...*

દરેકમાં નિર્દોષબુદ્ધિ રાખવી એની સાથે સાથે ભગવાનને સર્વ કર્તાહર્તા માનવા ને સ્વીકારવા એ શરત ઑટોમૅટિક પાક્કી થાય છે. કેમ નિર્દોષબુદ્ધિ રાખવી ? તો કહે, સર્વ કર્તા તો મહારાજ છે, તો એણે કર્યું કે એનામાં રહીને મહારાજે કર્યું ? એને સુઝાડનાર, પ્રેરનાર, કહેનાર તો મહારાજ છે. યોગીબાપાને તો આ આખો સંસાર જ નિર્દોષ દેખાતો હતો. યોગીબાપાએ જેમને દર્શન કરાવ્યું, એ પોતે એવી સ્થિતિવાળા થઈ ગયા કે, જેમને 'નિર્દોષબુદ્ધિના રાજા' તરીકે આપણા ગુણાતીત સમાજમાં પદ આપ્યું.

દાદુકાકાના જીવનકાળના એવા અનેક પ્રસંગોના અમે સાક્ષી છીએ કે, જ્યાં એમણે કોઈનોય દોષ જોયો નથી, ત્રુટિ જોઈ નથી, ખામી જોઈ નથી. એમણે યોગીબાપાનો સંબંધ જ જોયો છે. 'મારા યોગીના છે !' એ સંબંધનો કેફ એમને પોતાને હતો. પોતે ગોપીભાવથી, ભક્તિભાવથી એમ બોલતા કે, 'મૈં કિસકી ઘરવાલી હૂં ?' 'કોનું ધાર્યું થાય છે ?' એમની સત્તા, એમની સામર્થી, એમનું ઐશ્વર્ય, એમનો પ્રતાપ કામ કરી રહ્યો છે. વ્યક્તિને જોવાની દૃષ્ટિ બદલાઈને શક્તિને જોવાની દૃષ્ટિ આવી, એ દાદુકાકાને સાક્ષાત્કાર થયો !

સાક્ષાત્કારને એવી રીતે વર્ણવી શકીએ કે, સાક્ષાત્ જે શક્તિ છે એ શક્તિ એના દ્વારા કામ કરી રહી છે એવું દાદુકાકા જોતા. અને એટલે તેઓ સંબંધને જોતા, કોઈના સ્વભાવ ને પ્રકૃતિને જોતા નહીં. સ્વભાવ ને પ્રકૃતિને જોઈએ તો એનો દોષ દેખાય. પણ દોષ ના જોવા માટે મનને વાળી લેવું હોય તો, એનો છેડો ક્યાં જોડાયેલો છે તે જુઓ.

*હૈયે હેતભર્યું મીઠું જનનીશું...* મા હંમેશાં પોતાનાં સંતાનોનું કલ્યાણ અને મંગલ જ ઇચ્છે, ભલું જ ઇચ્છે કે, ભગવાન તારું ભલું કરે !

*ને હાસ્ય મુખે વસ્યું...* સદાય હસતું મુખડું. સહનશક્તિની પરાકાષ્ઠા. એમ ને એમ હસી શકાતું નથી. આજે મેં ત્રણ મુખ્ય મુદ્દા કહ્યા છે, એક તો નિર્દોષબુદ્ધિ, બીજું સહનશક્તિ અને ત્રીજું સુહૃદભાવ. આ ત્રણ વાતો, એ આ સાત મુદ્દામાં પ્રધાન સૂર છે.

આપણો સંઘ છે. એમાંય અમારા સંતો છે એ પોતાનો વ્યક્તિગત પરિવાર મૂકીને એક સંગઠનના સભ્ય તરીકે જોડાઈ ગયા છે એટલે એમનું વ્યક્તિગત જીવન મટીને સામૂહિક જીવન બન્યું છે. એવી જ રીતે આપણે પરિવારના સભ્ય તરીકે પરિવાર સાથે જોડાયેલા છીએ. તમને સૌનેય ખબર છે કે, પરિવારમાં પ્રેમ, શાંતિ અને એકતા જાળવી રાખવા માટે તમારે વ્યક્તિગત રીતે તમારું પોતાનું કેટલું જતું કરવું પડે છે ? જેને યોગીબાપાએ સહનશક્તિનો ગુણ કીધો. પરિવારમાં દરેક વ્યક્તિને એવું લાગતું હશે કે, સૌથી વધારે તો મારે જ સહન કરવું પડે છે. સ્ત્રી હોય કે પુરુષ હોય, કમાતો હોય કે વડીલ-વૃદ્ધ નિવૃત્ત ઘરમાં બેઠો હોય, દરેક વ્યક્તિને એવું લાગે કે, મેં બહુ ભોગ આપ્યો, મેં બહુ સહન કર્યું અને મારા લીધે આ પરિવાર ટકી રહ્યો છે કે બે પાંદડે થયો છે. પહેલી બાબત તો પરિવાર ટકી રહેવો જોઈએ, અને તે ટકે તો બે પાંદડે થાય. આ આપણું જીવન છે !

અંદરોઅંદર સંપ ટકાવવા માટે બહુ જરૂરી બાબત છે કે, આપણા સાથીદારનો આપણે દોષ ના જોઈએ, એની ત્રુટિ કે ખામી ના જોઈએ. સાહેબદાદાએ આપણને બહુ સુંદર સૂત્ર આપ્યું કે, 'Think Positive'. ગુણ જુઓ અને મહિમા સમજો, અવગુણને પડ્યો રાખો. સુહૃદભાવની પણ સાહેબદાદાએ કેટલી ઊંચી વ્યાખ્યા કરીને આપણને શિખવાડી કે, ‘૯૯ અવગુણને પડ્યા મૂકીને એક ગુણને ગ્રહણ કરવો એનું નામ સુહૃદભાવ છે.’

‘સંપ, સુહૃદભાવ ને એકતા’ યોગીબાપાને આ ગમતું સૂત્ર, એમનું જીવનસૂત્ર ! સત્સંગ કરતાં કરતાં વ્યક્તિગત વિકાસની સાથે સાથે આપણા સૌનોય સામૂહિક આત્મિક વિકાસ કરવાના પ્રૉસેસમાં આ બાબત બહુ અગત્યની છે. અને એટલે જ સાત મુદ્દામાં સૌથી પહેલો મુદ્દો યોગીબાપાએ ‘નિર્દોષબુદ્ધિ’નો લીધો છે. તેઓ પોતે તો બધાને નિર્દોષ માનતા. ચંપલ ચોરનારને પણ તેઓ ચોર નહોતા કહેતા. સ્વયંસેવકો એમ કહે કે, 'બાપા અમે એને રંગે હાથ પકડ્યો છે અને એટલે પકડીને એને તમારી પાસે લઈ આવ્યા છીએ.' એટલે યોગીબાપા શું કહે કે, 'ના, એ તો દર્શન કરવા આવ્યા હતા.' સ્વયંસેવક ચોકીપહેરો કરવાની એમની ફરજ બજાવે, પણ યોગીબાપાને કોઈનો દોષ નહોતો દેખાતો. અને યોગીબાપા પણ એવા યોગીબાપા હતા કે, પેલાની ચોરવૃત્તિનું પણ પરિવર્તન કરી નાખે.

દાદુકાકાને જે સાક્ષાત્કાર થયો એ નિર્દોષબુદ્ધિની નિપુણતાનો સાક્ષાત્કાર થયો. એક ભક્તને નિર્દોષ માન્યો, બીજા ભક્તને નિર્દોષ માન્યો, એક પ્રસંગે નિર્દોષ માન્યો, બીજા પ્રસંગે નિર્દોષ માન્યો; એમ કરતાં કરતાં આખા સમૂહને નિર્દોષ માનતા થઈ ગયા. એટલે તેઓ ‘નિર્દોષબુદ્ધિના રાજા’ બની ગયા, નિપુણતા પ્રાપ્ત થઈ ગઈ.

*"નિર્દોષબુદ્ધિ દરેકમાં રાખવી. તે જ આપણી સેવા છે ગ. મ. ૨૮ના વચનામૃતમાં ભક્તના ભક્ત થાવું. ગ.પ્ર.૫૮ પાકો હરિભક્ત કેને જાણવો. હરિભક્ત તેના દાસના દાસ થઈને રહેવું."*

Seeing these people going back and forth, Gordhanbhai Kothari said, 'there is only one person who can bring about their release – and that is Shastri Yagnapurushdas.' Everyone was dumbfounded. He was the very person they had gone to destroy, and now he is the person that will get them released? Gordhanbhai said, 'You do not know this Sadhu. Go and meet him and ask for forgiveness. Even if you do not ask his forgiveness, he will still have the *parshads* released. Go see for yourself! Go and have *darshan* of his *sadhuta*!' Two Santo and one devotee, then went to Bochasan. Shastriji Maharaj warmly welcomed them, showed them everything, got them to do *darshan* and then asked them, 'What brings you here?' Shastriji Maharaj had figured out that they must have come to get those *parshads* released from jail. The devotee then said, 'the police officer has said that he will only release the *parshads* if the Patel gives his consent.' Shastriji Maharaj then called for the Patel from Bamangaam. The Patel understood why Shastriji Maharaj was calling him. He too had seen this delegation come. So before Shastriji Maharaj could say anything to him, the Patel said, 'look Gurudev! Your *aagna* is foremost for me. I prostrate myself before you, and I pray and I will do whatever you say, but I cannot let these people go. How could they have the courage to send the *parshads* to beat you? I have to teach them a lesson. And so Swami, you are the Guru, but under no circumstances will I be able to follow the *aagna* to release them.' Shastriji Maharaj said, 'It is my wish that you release them.' But the Patel would not give in, and so Shastriji Maharaj said, 'Look Patel, I too am now making the decision that I will not eat until those two *parshads* are released from jail and get back to Vadtal mandir.' The Patel shuddered, and broke down crying, 'Gurudev! So much you would do!' He immediately went to Borsad and had the two *parshads* released. Just think about it, what a state he lived in – no matter even if someone tried to take his life, he would not see them as an enemy!!! To what an unimaginable extent he considered God's devotees to be divine! Shastriji Maharaj lovingly sent the delegation off.

There are countless happenings such as these, out of which I have only mentioned a few. You can see this in Shastriji Maharaj's life, in Yogiji Maharaj's life, and in the lives of Pramukh Swami Bapa, Mahant Swamiji, Bhaktipriya Swami, Tyagvallabh Swami, Viveksagar Swami, Ishwarcharan Swami, Brahmavihari Swami, Bhadresh Swami, Hariprasad Swami, Mukundjivan Swami – Guruji, Ashvinbhai, Shantibhai; they have all realised this in their lives. What Shastriji Maharaj and Yogiji Maharaj have given, these Santo have realised in their lives and that is why Upasana has spread worldwide. The propogation of Upasana cannot happen just by talking about it, or writing big volumes about it or winning debates On Vasant Panchmi there is such joy in our hearts to celebrate this auspicious day, that Swami you came and manifested on

this day, not only did you give us Upasana but you also gave us the gift of such Gunatit sadhus; and you got us to join with them out of love. Now it is our prayer on the most auspicious day of your *pragatya-parva* that we are all able to live with the courage that you lived with! Truly we have received the most valuable thing! Something that one can never put a price on! The more we understand the *mahima* of this, the more we dive deeper into it, the more we start to live it, the more and more joy we experience from it and we will more and more come to understand its value.

Yogiji Maharaj used to give one simple, straight-forward example of a goatherd. One goatherd found a shining piece of glass, so he tied it around the neck of his favourite goat. To him the glass itself was not of much value, but to the shopkeepers of that village – the piece of glass did not seem ordinary, so one paid Rs15 for it and bought it from the goatherd. That shopkeeper then went ahead and sold that stone to a jeweller for Rs1000. The jeweller then went and sold that stone in the city and got Rs100,000! The city jeweller went and sold it in an even bigger city and he got one crore rupees for it. And when that made its way to a diamond trader's son, he said 'get ten men and let them take as many jewels as they possibly can from sunrise to sunset – in exchange for this stone.' On hearing this, there was such a commotion in the town. Everyone felt he has got himself looted. But when the son's father came back and saw the stone, he said to his son, 'you have taken this stone for free!' That stone was a jewel, which when placed under the rays of the full moon on Sharad purnima, would create countless jewels, and he began to get this on every full moon day. The goatherd valued this stone at Rs 5, but as the stone changed hands from one jeweller to another, the more it was recognised and so the more its value increased.

Similarly, the more and more firmly we join with the sadhu, who propagates Akshar Purushottam upasana and lives his life according to the *aagna* of Shastriji Maharaj and Yogiji Maharaj; it can be any sadhu – Hariprasad Swami, Ashvinbhai, Shantibhai – but join with one of them, maintain *atma-buddhi* and *preeti* for him, humbly follow his *aagna* and believe his devotees to be faultless. When one does this, the more the value of this upasana increases for us, and the more and more joy we will experience.

Today is the exceptional day of Vasant Panchmi! It would be fitting to call it 'a day of transformation'. After Shastriji Maharaj manifested, he gave us the path by which we could rise above our ego – attachments, and be transformed in a way that we can truly enjoy the joy, peace and bliss of God in this lifetime. He propagated Upasana. On this 'transformation day' – Bhagwan Swaminarayan gifted us the 'Shikshapatri'. We have got the gift of such a great Guru, such great Santo, but we want to offer our devotion while maintaining our respectable boundaries. Devotion should not be without understanding, and we must take care in that. That is why Shastriji Maharaj would keep the matchless text of the Shikshapatri with him. It is so that devotion to God doesn't become mechanical ritual, so that devotion doesn't become foolish sentimentality, that God gave us the unparalleled text of the 'Shikshapatri'. We must live life holding onto this. It is also the *pragatyadin* of Santo who truly lived their lives like this, Brahmanand Swami and Nishkulanand Swami! And to top it all off, it is our Gurdev Shastriji Maharaj's *pragatyadin*!

All of you beloved bhakto, here and abroad, great, great congratulations to you and thank you! In the new mandir, you and all the Santo decided to instate golden *murtis* of Gurudev Shastriji Maharaj, Yogiji Maharaj, as an expression of our indebtedness to them. For that, special congratulations to all of our behno! They have given so much gold. Today is Shastriji Maharaj's *pragatya-parva*. On 7$^{th}$ June, is Yogiji Maharaj's *pragatya-parva*. Now that the period of the corona-virus will come to a close, in celebration of that, we will place the *kalash* on the new mandir on 7 June. We will perform *poojan* and *arti* of the *kalash*. The reason the *kalash poojan* ceremony came to mind, was because ten days ago a few bhakto came to me with their families. They asked, 'will the mandir *kalash* be gold?' and I said yes they would be. So they said, 'we had donated gold for the *murtis* but we felt that we had given

too little, so we would like to give gold for *seva*.' I told them, to give by all means. If there is anyone who feels this way, then it is my prayer that please do give gold as *seva* for the *kalash.* For those who were not able to give gold for the *murtis,* and who feel that they missed this seva, you will be able to give towards the *kalash.* When can it be said that the mandir is complete? It is only when the *kalash* is placed!

It was on Gunatit *diksha-din* that *murtis* were consecrated. Today we celebrated Shastriji Maharaj's *pragatya-parva*, and on 7 June, when it is such a Gunatit Sant as Yogiji Maharaj's *pragatya-parva,* because of whom our whole community is so content, towards whom we wish to offer our devotion, we will raise the gold *kalash* and place them to complete the mandir. Currently the work is going very well. The work of landscaping around the mandir is going on, and all the other work relating to the mandir is also happening. The domes have been placed, the *kalash* are in the process of being prepared, and then they will be plated in gold. That is why we are placing this appeal, that if anyone wishes to give *seva*, if they felt they were not able to give at the time of the mandir, or if they wish to give more, then this is the chance to do that *seva* and it is my prayer to you to come forward with this!

You have all done so much seva. We do not have the right to ask from you anymore, because you have all given *seva* over and above your capacity. So many of you also performed so many different types of austerities – from giving up certain foods, certain drinks, giving up travelling, giving up so many things, or doing mantra-lekhan, extra *dhun*; you have all really done so much. To raise funds for mandir *seva,* some did catering, while others went from house to house and collected recyclable goods, paper etc., some went out with coin collection tins and some collected utensils. When you look, every single devotee, our whole community 'wholesale!' here and from abroad has made their contribution for this mandir. With such team spirit, in harmony, everybody has done *seva* over and above their capacity. I bow to all of you!

It is just that ten days ago, two or three devotees said, 'we missed out on this, and so we wish that if you do this, then we will get a chance for *seva.*' That is when I thought that there may be many devotees like this, and for that reason I appeal to you. I am not saying that you must give, but for whoever that wishes to give please do. The reason is you have all given, and it is through that, that all of this has happened. However much you give for God's work is how much will stay with you. It is for that reason that we are placing this prayer with you.

The *kalash poojan* ceremony has been scheduled for 7 June. It will be very hot, but it is Yogi Bapa's *pragatya-parva* and that for us is the most important thing. It is to offer our devotion to Bapa that we have decided this date for the *kalash poojan*. We shall raise the *kalash*, perform the *arti* and will follow whatever ceremony Shantibhai, Manojbhai and the team decide.

Ashvinbhai, Shantibhai, Dilipbhai and the committee have decided this. Now from Shastriji Maharaj's *pragatyadin* right through to Bapa's *pragatyadin*, please give whatever *seva* you wish. Please do *dhun-bhajan* and prayer that this corona-virus is banished to the realm of the sun, and that everyone can come together and enjoy the bliss of devotion – can get together and celebrate, and take part in this.

On Shastriji Maharaj's *pragatya-parva,* the day on which Maharaj gifted us the 'Shikshapatri', the auspicious day on which Brahmanand Swami and Nishkulanand Swami were born, my countless *vandan* to all of you! And prayers at the lotus feet of Swami Shastriji Maharaj, Yogi Bapa and at the lotus feet of all the manifest Gunatit *swaroops*, that 'oh Lord! With *samp-suhradbhav-ekta*, in a spirit of togetherness, we have given ourselves to your work of Upasana so that we may come out of our own self-centred inclinations, emotions and nature and surrender wholly 100%, and truly propagate your work; for this please give us all immense strength, intellect, inspiration and awareness, that is our prayer on this most auspicious day!

Jai Shri Swaminarayan! ◆



# "પ્રભુ અને પ્રભુસ્વરૂપો કેવા રાજી થતાં હશે ! ધન્ય છે ભક્તોની સમજણને !!

*અધ્યાત્મજીવનનો એક પાયાનો સિદ્ધાંત અને જીવનદષ્ટિ એ છે કે, ભગવાનના તત્ત્વના ધારક પ્રગટ સંતની પ્રસન્નતા પ્રાપ્ત કરી તેઓનાં સૌ સંબંધીની નિર્દોષભાવે સેવા કરવી. આવી જીવનદષ્ટિથી જિવાતાં જીવન દિવ્ય થાય છે; ભગવાનનાં પરમ સુખ, શાંતિ અને આનંદને અખંડ અનુભવે છે.*

*ગુજરાતના મોરબી નગરમાં નિવાસ કરતા પ્રભુની અનન્ય નિષ્ઠાવાળા પૂજ્ય કાનાભાઈ, તેઓનાં પરિવારજનો, સમગ્ર અંબાણી પરિવાર અને અક્ષરમુક્તો જીવનની પ્રત્યેક ઘટનાના પ્રેરક-પ્રવર્તક સર્વોપરી પ્રભુ શ્રી સ્વામિનારાયણને માની-સ્વીકારી આવી ઉન્નત જીવનદષ્ટિથી જીવે છે તેની સમસ્ત સત્સંગસમાજને પ્રતીતિ કરાવતો ને પ્રેરણા આપતો એક પત્ર પૂજ્ય કાનાભાઈએ તેઓના પારિવારિક જીવનની એક દુઃખદ ક્ષણે સંતભગવંત સાહેબજી પ્રતિ લખ્યો છે. આ પત્રમાં પૂજ્ય કાનાભાઈ અને સમગ્ર અંબાણી પરિવારની ગહન અને ઉચ્ચ આધ્યાત્મિક સમજણના આચરણની પ્રતીતિકર ઝાંખી થાય છે. આ પત્ર દ્વારા સૌને પ્રેરણા મળે તેવા શુભ આશયથી એ પત્ર તથા તેના વિશે સંતભગવંત સાહેબજીના અંતરના રાજીપા રૂપે વહેલી પરાવાણીના પ્રસાદનો અહીં સહભાગ કર્યો છે :*

---

સ્વામિશ્રીજી — તા. ૧૧/૦૪/૨૦૨૧

**પ.પૂ. સાહેબદાદા, પ.પૂ. અશ્વિનદાદા, પ.પૂ. શાંતિદાદા,**

જય શ્રી સ્વામિનારાયણ સાથે જણાવવાનું કે, મારા મોટા ભાઈ પૂ. બટુકભાઈ જેરાજભાઈ અંબાણી કોરોનાની મહામારીને કારણે તા. ૯/૦૪/૨૦૨૧ના રોજ અક્ષરધામ નિવાસી થયા છે. તેઓની પાછળ આપણા હિન્દુ રીતરિવાજ મુજબ કોઈ પણ ક્રિયાકાંડ કરવાનાં નથી અને જેમ અમે 'સારાં કાર્ય કરવા માટેનાં સારાં મુહૂર્ત એટલે પ્રગટ સત્પુરુષ' એમ માનીને અમારાં ઘણાં કાર્ય પ્રગટ સત્પુરુષ સંતભગવંત પ.પૂ. સાહેબજી દ્વારા કરીને, પ્રગટની ઉપાસનાની દઢતા કરીને ધન્ય બન્યા છીએ. હવે આ ક્રિયામાં પણ અમારા આખા પરિવારે નક્કી કર્યું છે કે, આપણે બ્રહ્મજ્યોતિ-મોગરી તથા નાની વાવડી મંદિરે મહાપૂજા કરાવી લઈએ અને બ્રહ્મજ્યોતિ-મોગરી મંદિરે શ્રી ઠાકોરજી મહારાજ અને સંતો-ભક્તોને રસોઈ આપીએ. બીજાં કોઈ ક્રિયાકાંડ કરવાં નથી.

હાલ સમાજમાં જૂના રીતરિવાજોને બદલે આ નવી પ્રગટની ઉપાસનાની દઢતાવાળા રીતરિવાજોનું સ્થાપન કરવું છે અને અમારા કુટુંબથી જ આની શરૂઆત કરવી છે. તો તમો અમારાં સર્વે કુટુંબીજનોને ખૂબ ખૂબ આશીર્વાદ આપજો કે, જેથી આ પંથકમાં આ નવા રીતરિવાજોનું સર્વે અનુકરણ કરીને આપની પ્રસન્નતાનાં પાત્રો બનીએ.

બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે મહાપૂજા તથા રસોઈ તા. ૧૫/૦૪/૨૦૨૧ - ગુરુવારના રોજ રાખશોજી.

લિ.

બાલુભાઈ, સ્વ. બટુકભાઈ, કાન્તિભાઈ, કાનજીભાઈ,
દીપકભાઈ, મહેન્દ્રભાઈ, રોનકભાઈ, ભાવિકભાઈ,
શ્યામભાઈ તથા અંબાણી પરિવાર વતી જય શ્રી સ્વામિનારાયણ !

---

**સંતોનો** યોગ હોય તો ભક્તોનું કેવું જીવન બની જાય ! કાનાભાઈ, મહેશ અને કનુભાઈ ને સાથે બાલુમામા, શૈલેશ, દેવજીભાઈ, લાલજીભાઈ, કાંતિભાઈ; મોરબીમાં જે બધા સત્સંગ કરે છે તે બધા અશ્વિનભાઈ, શાંતિભાઈ જેવા સંતોને ગુણાતીત સત્પુરુષ, પ્રગટ ભગવાનનું સ્વરૂપ માની, રણછોડભાઈ, દિલીપભાઈ જેવા સાધુનો સમાગમ કરીને ઉપાસનાની સાચી પદ્ધતિ સમજ્યા તો કેવી સમજણ આવે છે તેનું દર્શન આ પત્ર દ્વારા થાય છે.

આપણા રીતરિવાજો ખોટા છે એમ નથી, સાચા છે, સરસ છે, એનો નિષેધ ના થઈ શકે. જે વખતે, જે કાળે જે રીતરિવાજો હતા તે પ્રવર્તવા પાછળ મોટું સાયન્સ હોય છે, પણ જ્યારે ભગવાન અને સત્પુરુષ મળે ત્યારે બધાં મૂલ્યાંકનો બદલાઈ જાય. જેમ રાત્રે અંધકાર હોય ત્યારે તમે લાઈટ, બૅટરી, ફાનસ લઈને ચાલો, પણ સૂર્ય ઊગ્યા પછી આ બધાં સાધનો નકામાં થઈ જાય. દિવસે બૅટરી લઈને નીકળો તો મૂરખ કહેવાઓ. એમ, પ્રગટ ભગવાન અને પ્રગટ સત્પુરુષ મળ્યા ત્યારે બધું બદલાઈ જાય. સાધનો પણ બદલાઈ જાય અને રીતરિવાજો પણ બદલાઈ જાય. સત્પુરુષ અને ભગવાન રાજી થાય એ જ સાચો રિવાજ અને એ જ સાચી રીત !

પહેલાંના સમયમાં મરણ પાછળ કાણમોકાણ થતી. ગામડામાં કોઈ મરી જાય તો બહારગામથી બહેનો આવતાં. ગળા સુધી મોઢું ઢાંક્યું હોય. રાજિયા ગાય, છાતી કૂટે. એ બધું બંધ કરાવ્યું. પછી બારમાનો રિવાજ હતો. જેમાં કોઈ મરી જાય પછી બારમા દિવસે આખા ગામને જમાડવાનું. જેમાં ભલભલા ખુવાર થઈ જાય. પછી તેરમાએ સરવણીનો ખાટલો નંખાય ને પછી ચાર રસ્તે જઈને બ્રાહ્મણ કોળું વધેરે ને કહે કે, આજથી એમની સાથેના તમારા બધા સંબંધો હવે છૂટી ગયા. આવી બધી વિધિ. જો કે, એની પાછળ સાયન્સ હશે, પણ આપણે એમાં પડવું નથી. પણ આ ભગવાન મળ્યા, ભગવાનના

સાધુ મળ્યા એટલે અક્ષરધામના મુક્તો થઈ ગયા. પછી એને કોઈ ગાય, ખાટલો, ગાદલું કશાની જરૂર નથી. એ ભગવાનના ધામમાં જ છે. એ બધા રીતરિવાજો હવે નીકળી ગયા છે. આ જે વાત કાનાભાઈ સમજ્યા, એ ખરેખર સાચી સમજણથી ભક્તો જીવન જીવતા થયા છે એનું દર્શન છે. આ સંતોનો યોગ કર્યો કહેવાય. પોતાના પર આવે ત્યારે ભક્તો વર્તનમાં લાવે એ સાચું જ્ઞાન ! ખરેખર, આ માટે કાનાભાઈને ધન્યવાદ ઘટે !

બટુકભાઈ ૬૨-૬૩ વર્ષના હતા. દેહ છોડ્યો તો કોઈ પણ પ્રકારનો મનુષ્યભાવ લાવ્યા વગર સમજણ બતાવી. બધા રીતરિવાજો છોડી, મંદિરે શ્રી ઠાકોરજીને થાળ કરી, સંતો-ભક્તો જમે એમાં બધું આવી ગયું, આ સાચું જ્ઞાન છે ! એ પ્રવર્તે એ જ સ્વામિનારાયણ ભગવાનને કરાવવું હતું. તેઓએ બધા કુરિવાજો બંધ કરાવી દીધા. જેની પાછળ કોઈ અર્થ જ ન હોય એવા રિવાજો એ કુરિવાજો; પણ, કરવા પડે, નહિતર ગામમાં ખોટું દેખાય. સમાજમાં, કુટુંબમાં ખોટા દેખાઈએ એટલે ના માનતા હોઈએ તોય કરવું પડે. પણ, સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત અને સત્પુરુષમાં આત્મબુદ્ધિ ને પ્રીતિવાળા ભક્ત બળિયા હોય ! એ કોઈનાથી ગભરાય નહીં. મારા પ્રભુ રાજી થાય અને મારા સત્પુરુષ આજ્ઞા આપે એ જ મારા માટે રિવાજ !

પ.પૂ. રામદેવજી મહારાજે યોગગ્રામ ખૂલ્લું મૂક્યું ત્યારે તેઓની ખૂબ ઈચ્છા હતી એટલે અમે ૧૦ દિવસ હરિદ્વાર ગયા હતા. અમારા બંનેની કુટિર બાજુબાજુમાં જ હતી. તેવામાં એક દિવસ મોરબીથી કાનાભાઈનો ફોન આવ્યો. કાનાભાઈ કહે, 'નવી ફેક્ટરી ચાલુ કરવી છે, પણ તમારા હસ્તે ઉદ્‌ઘાટન કરાવવું છે, બધી તૈયારી કરી દીધી છે, એટલે તમે આવો પછી જ ફેક્ટરી ચાલુ કરવી છે !' મેં કહ્યું કે, 'હું તો હરિદ્વાર આવ્યો છું.' ત્યારે કમૂરતાં ચાલતાં હતાં, એટલે મેં કહ્યું કે, 'આ કમૂરતાં ચાલે છે તો તેમાં કેવી રીતે ઉદ્‌ઘાટન કરશો ?' ત્યારે એ કહે, 'તમે આવો એ જ અમારા માટે શ્રેષ્ઠ મુહૂર્ત ! ને એ જ સારો દિવસ ! અમને કોઈ કમૂરતાં લાગે નહીં, માટે તમે ને અશ્વિનદાદા ને બધા સંતો આવો જ !' કમૂરતાં અને એ દિવસે પાછી અમાસ આવતી હતી. પણ, એમની ભાવના હતી એટલે રામદેવજી મહારાજની રજા લઈને અમે બધા ગયા ને અમાસના દિવસે એમની ફેક્ટરીનું ઉદ્‌ઘાટન કર્યું. ત્યારે મારું મસ્તક નમી ગયું ! આ ભક્તોની નિષ્ઠા ને આ ભક્તોની સમજણને ધન્ય છે ! કારણ કે, આપણે કહીએ છીએ, પણ જ્યારે પોતાના પર આવે ત્યારે આઘાપાછા થઈ જઈએ છીએ. 'ફેક્ટરી ચાલશે કે નહીં ચાલે ?' 'કમૂરતાંમાં શરૂ કરીશ તો ખોટ તો નહીં જાય ને ?' એવું કશુંય વિચાર્યા વગર બસ, ભગવાનની મૂર્તિ પધરાવી અને સત્પુરુષ ને સંતો પધાર્યા એટલે થઈ ગયું મુહૂર્ત ! એ જ મારા માટે સૌથી મોટી બાબત છે ! એવી જ રીતે જન્મ-મરણના પ્રસંગમાં ભગવાનને જમાડો એટલે બધું આવી ગયું, બધા રિવાજો એમાં આવી ગયા. હાથીનાં પગલાંમાં બધાંનાં પગલાં ! બ્રહ્મજ્યોતિ મંદિરના, નાની વાવડી મંદિરના શ્રી ઠાકોરજી જમ્યા, અને સાથે સંતો જમ્યા એટલે આખી દુનિયા એમાં આવી ગઈ ! એવી સમજણવાળો સમાજ જે સ્વામિનારાયણ ભગવાનને ઊભો કરવો હતો તે શાસ્ત્રીજી મહારાજે, યોગીજી મહારાજે ઉપાસનાના પ્રવર્તન દ્વારા એક અક્ષરધામના સમાજની રચના કરી, એ અક્ષરધામનો સમાજ આજે જોઈ શકાય છે.



જેમ ધરતીમાં બિયારણ નાખ્યું હોય તો ઘણા અજ્ઞાનીને થાય કે, 'આ શું ધૂળમાં અનાજ નાખ્યું ? ધૂળ ભેગી ધૂળ થઈ ગઈ એટલે બધું નકામું ગયું ને ?' પણ તમે ખેતરમાં બે કોથળા અનાજ નાખો એટલે પંદર દિવસે, મહિને એ ઊગે ને બહાર દેખાય. મોટું થાય ત્યારે ખ્યાલ આવે કે, આ કેવું અદ્‌ભુત કામ થયું ! એમ સ્વામિનારાયણ ભગવાનથી ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ સુધીની પેઢી એ બિયારણ નાખ્યા જેવું થયું, ધરતીમાં સમાઈ જ ગઈ. ત્યાં સુધી તો ખબર જ ના પડી કે, આ શું થઈ રહ્યું છે ? પણ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ દ્વારા એની કૂંપળો ફૂટી ત્યારે થયું કે, કંઈક થયું ! અને યોગીજી મહારાજે તો આ બધા રોપાઓ તૈયાર કરી આખી ધરતીને લીલીછમ બનાવી રહ્યા છે, અક્ષરધામરૂપ બનાવી રહ્યા છે. હવે એનાં પરિણામો નરી આંખે જોઈ શકાય છે ! બાકી, આ કાનાભાઈ અને મોરબીના આપણા ભક્તો ક્યાં શાસ્ત્રો ભણ્યાં છે ? ક્યાં વેદ-ઉપનિષદનો અભ્યાસ કર્યો છે ? ક્યાં ગીતા-શ્રીમદ્‌ ભાગવતનું જ્ઞાન છે ? બસ, એક જ જ્ઞાન છે કે, સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી, સર્વ અવતારના અવતારી છે અને એ સ્વામિનારાયણ ભગવાન અમને અશ્વિનભાઈ, શાંતિભાઈ થકી પ્રગટ મળ્યા છે. અમારા રણછોડભાઈ અને દિલીપભાઈની આજ્ઞામાં ભક્તિ કરવી એ અમારું જ્ઞાન ! આ જ્ઞાનથી કેવું સરસ એમનું જીવન થઈ ગયું !

મોરબી મંડળના બધા ભક્તો એવા છે. સમૃદ્ધિ આવી છે, પણ સેવામાં સદા તૈયાર. કોઈ પણ પ્રકારની ના નહીં ! સામેથી સેવાઓ મોકલે છે. આ સમજણ છે. સેવાઓ માંગીને લો અને સામેથી આપો એમાં ફેર છે. અહોહોભાવે આનંદપૂર્વક સેવાઓ કરે છે અને છતાંય એનો કોઈ ભાર નથી ! આપણા બધા ભક્તોનાં ઘરવાળાં પણ સરસ છે. આપણને એમ થાય કે, ભગવાને અક્ષરમુક્તોનાં જોડાં મોકલ્યાં છે. બધા અક્ષરધામના મુક્તો ભેગા થયા છે. ઘણાં બહેનો સામેથી પોતાના પતિને યાદ કરાવે કે, બે મહિનાથી સંતો આપણા ઘરે આવ્યા નથી તો સેવા આપી આવો. આવી તેઓ ચિંતા કરે. આ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની કૃપા કહેવાય, યાદ રાખો ! કારણ કે, તેઓએ એક સંવાદિતાવાળા સમાજની રચના માટેનો સંકલ્પ કર્યો. અને એમના સંકલ્પથી જ આ બધું શક્ય બન્યું છે તે જોઈ શકાય છે. મોટા ભાગના ઘરોમાં પતિ-પત્ની સંવાદિતાથી જે ભક્તિ કરે છે, એકબીજાંને પૂરક બનીને જે સત્સંગ કરે છે, ખરેખર એ સ્વામિનારાયણ ભગવાનની કૃપા કહેવાય ! એકબીજાંનાં પૂરક બનીને ભગવાન અને ભગવાનના સંતો-ભક્તોની સેવા કરવી; એવા આખા અક્ષરધામના સમાજની રચના કરવા, પૃથ્વી પર અક્ષરધામ સ્થાપિત કરવા સ્વામિનારાયણ ભગવાન પોતાનું અક્ષરધામ લઈને પધાર્યા. આપણને સૌનેય એમના રૂપ કરવા છે અને હવે થાય છે કે, ખરેખર એવો સમાજ તૈયાર થઈ રહ્યો છે !

આ કાગળ વાંચીને મને ખૂબ આનંદ થયો કે, મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ કેટલા બધા રાજી થતા હશે કે, અમારો દાખડો સફળ થયો તેનો આનંદ છે ! ◆

# સત્સંગ સમાચાર

## બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ પ્રાગટ્યપર્વ

૨૮ માર્ચ, ફાગણ સુદ પૂનમ-હોલિકાના અતિ પાવન દિવસે બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના ૧૯૩મા પ્રાગટ્યપર્વે ડિજિટલ માધ્યમથી અદ્ભુત સત્સંગસભાનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે અનુપમ મિશન, ઇંગ્લૅન્ડના અક્ષરમુક્ત સતીશભાઈ ચતવાણી દ્વારા ભગતજી મહારાજનાં માહાત્મ્યગાન થયાં. વળી, પ્રતિ રવિવારે યોજાતી અક્ષરવૃંદની સભા હોવાથી તેમાં નવધાભક્તિ પૈકીની પ્રથમ શ્રવણભક્તિ પર સતીશભાઈએ પ્રકાશ પાથર્યો. ભગવાન શ્રી સ્વામિનારાયણનાં 'વચનામૃત', 'સ્વામીની વાતુ', 'યોગીગીતા' અને સંતભગવંત સાહેબજીનાં પ્રવચનોનો આધાર લઈ શ્રવણભક્તિની માર્મિક વાતો તેઓએ કરી. તેમજ સંતભગવંત સાહેબજીના મંગલ પ્રાગટ્યને અનુલક્ષ્યે સ્વાનુભવનાં વર્ણન કરી સાહેબજીના માહાત્મ્યનું પણ અદ્ભુત ગાન કર્યું.

સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવ્યા અને બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના અપૂર્વ માહાત્મ્યની વાતો કરી તથા સંબંધીમાત્રને બ્રહ્મની મૂર્તિ માની, પ્રભુના ભાવે તેઓ સાથે વર્તન-વ્યવહાર કરવાની સમજણ આપી. ઉપાસના પ્રસરાવવાનું જે કાર્ય ભગતજી મહારાજે કર્યું તેના અકલ્પનીય માહાત્મ્યનો ઉલ્લેખ સાહેબજીએ કર્યો. આવાં ગુણાતીત સ્વરૂપો માટે સર્વસ્વ ન્યોછાવર કરી ભક્તિમાં લીન રહેવા આહ્લેક જગાવી. આ ઑનલાઈન સત્સંગસભામાં દેશ-પરદેશના સેંકડો સંતો-અક્ષરમુક્તોએ જોડાઈને પ્રેરક સત્સંગલાભ પ્રાપ્ત કર્યો. ◆

## સંતભગવંત સાહેબજી પ્રાગટ્યપર્વ નિમિત્તે માહાત્મ્યદર્શન સભા

સંતભગવંત સાહેબજીના ૮૨મા મંગલ પ્રાગટ્ય અવસર નિમિત્તે યોજિત સત્સંગસભાઓમાં સંતો અને અક્ષરમુક્તોએ માહાત્મ્યગાન કર્યાં. સંતભગવંત સાહેબજી સાથેના પોતાના જીવનનાં દિવ્ય સંસ્મરણો, આધ્યાત્મિક અનુભવો, ચિરસ્મરણીય સ્મૃતિઓ અને ગુરુપ્રેમની અમૃત લાગણીઓને વ્યક્ત કરી.

આ માહાત્મ્યદર્શન સભા-શૃંખલામાં સાધુ પૂ. સુનીલદાસ, સાધુ પૂ. બિમલદાસ, સાધુ પૂ. ગૌતમદાસ, સાધુ પૂ. યજ્ઞેશદાસ, સાધુ પૂ. અર્પિતદાસ આદિ સંતોએ તેમજ ઝવેરીભાઈ સુખડિયા (ચેન્નાઈ), રંજનબહેન પટેલ (નિઝર), પ્રેરણાબહેન પટેલ (યુ.એસ.એ.), ધનંજય પટેલ (મોગરી), ઋષિતા પટેલ (યુ.એસ.એ.), બિમલભાઈ શેઠ (યુ.એસ.એ.), જિતુભાઈ પોપટ (વલ્લભવિદ્યાનગર), સોનલબહેન દેસાઈ (યુ.એસ.એ.) આદિ અક્ષરમુક્તોએ મહિમાગાન કરી ભક્તિ અદા કરી. 'વાત્સલ્યમય સાહેબજી', 'સરળ માર્ગે ધ્યેય તરફ દોરનારા સાહેબજી', 'સાહેબજી અમારું સર્વસ્વ', 'સાહેબજી સંગે પલટાયું અમ જીવન' આદિ વિષયો પર ગુરુહરિના અખૂટ માહાત્મ્યને પ્રસરાવી સૌ સંતો અને અક્ષરમુક્તોએ પોતાના હૈયામાં વસેલી દિવ્ય લાગણીઓ તેમજ ગુરુભક્તિને અર્પણ કરી.

આ ઉપરાંત, સપ્તાહના પ્રત્યેક ગુરુવારે ઈન્ટરનૅશનલ યુવકોની ગુરુસભા અને શુક્રવારે ઈન્ટરનૅશનલ યુવતીઓની સભાઓ યોજાઈ, તેમાં પણ ઊછરતી પેઢીએ સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યમંગલ અવસરે અનુપમ મહિમાદર્શન કરાવ્યાં. ◆



હોલિકા પર્વ-બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ પ્રાગટ્યમંગલે સાહેબજીનાં આશીર્દાન



ફૂલદોલોત્સવ-સંતભગવંત સાહેબજી પ્રાગટ્યપર્વે આશીર્દાન

## અનુપમ ઈન્ટરનેશનલ બાળસભામાં સંતભગવંત સાહેબદાદાના પ્રાગટ્યપર્વની ભવ્ય ઉજવણી

સંતભગવંત સાહેબદાદાએ પોતાના દિવ્ય જીવન અને બ્રહ્મસ્વરૂપ અવસ્થાનાં સહજ દર્શન દ્વારા સૌ કોઈ જીવનાં જીવન પર કૃપા વરસાવી છે. તેમાંના જ અનુપમ પરિવારનાં સત્સંગી માતા-પિતાનાં બાલ-બાલિકાઓ માટે કોરોનાકાળમાં સાહેબદાદા અને સદ્‌ગુરુ સંતોએ તેમને સુંદર મજાની બાળસભાની ભેટ આપી અદ્‌ભુત કૃપા કરી ! તે ઋણ ચૂકવવાના ભાવથી સાહેબદાદાને તેઓના ૮૨મા પ્રાગટ્યપર્વે બાળસભાનાં લગભગ ૨૦૦ જેટલાં બાળકોએ કાર્યકર્તાઓની મદદથી ઑનલાઈન માધ્યમથી સુંદર ભવ્ય કાર્યક્રમ યોજી પોતાની કાલીઘેલી અભિવ્યક્તિથી સાહેબદાદાના પ્રાગટ્યદિનની ઉજવણી કરી, કૃતજ્ઞતાનો ભાવ અર્પણ કર્યા.

સાહેબદાદાએ પોતાના જીવનના ૮ દાયકા પૂર્ણ કર્યા છે ત્યારે ‘ગુરુમહિમા’ અને ‘ગુરુકૃપા’ની થીમ પર બાળકોએ સાહેબદાદાના બાળ તેમજ કિશોર અવસ્થાના ૮ પ્રસંગોને ડ્રામા સ્વરૂપે ભજવી તેઓના શ્રીચરણે આભારસહ ભાવ ધર્યા કે, 'આપે અમને સહજ જ આપના જીવન દ્વારા અનેક જીવનમૂલ્યો શીખવ્યાં છે, જેના માટે અમે હંમેશાં આભારી રહીશું.' તો વળી દરેક દેશ અને દરેક મંડળનાં બાળકોએ 'સાહેબદાદા સાથેની મારી સ્મૃતિ' અંતર્ગત પોતાના જીવનના સાહેબદાદા સાથેના પ્રસંગો વર્ણવી સાહેબદાદાએ વરસાવેલ કૃપા, પ્રેમ અને કરુણાનાં સુંદર મહિમાગાન પ્રસ્તુત કર્યાં. અંતે, સાહેબદાદાએ જ સઘળું આપ્યું છે તો તેમને ગિફ્ટમાં શું આપવું ? તેવા ભાવ સાથે આદર્શ જીવન જીવવાના ૧૧ સંસ્કાર - જેમ કે, રોજ સવારે પૂજા કરીશું, રોજ માતા-પિતાને પગે લાગીશું, સારું બોલીશું-જોઈશું-સાંભળીશું આદિ જુદા જુદા નિયમ-સંકલ્પ લઈને સાહેબદાદાને સુંદર ભેટ અર્પણ કરી.

સૌ બાળ અક્ષરમુક્તો દ્વારા ૩૧ માર્ચ, ભારતના રાત્રે ૮ વાગ્યાથી ઑનલાઈન માધ્યમથી પ્રિરૅકોર્ડેડ કાર્યક્રમ રજૂ થયો, જેમાં દેશ-વિદેશના સંતો-ભક્તો પણ બાળકોને ઉત્સાહ આપવા જોડાયા. કાર્યક્રમ બાદ ખૂબ કૃપા કરી હરિધામ સોખડાથી પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજીના રૂડા આશીર્વાદ પ્રાપ્ત થયા અને બ્રહ્મજ્યોતિથી સદ્‌ગુરુ સંત પ.પૂ. શાંતિદાદાએ અત્યંત રાજીપા સહિત સૌ બાળકો-માતાપિતા અને કાર્યકર્તાઓને બિરદાવી ખૂબ બળ પૂર્યાં. વિશેષ તો, બાળકોને સુંદર માર્ગદર્શન આપી કાર્યક્રમ સાકાર કરવામાં સેવાપ્રવૃત્ત યુવાસાધુ પૂ. સરજૂદાસની ભક્તિને બિરદાવી આશીર્વાદ પાઠવ્યા. સૌ નાનાં બાળસ્વરૂપોની અકલ્પનીય ભક્તિ માણી કૃતાર્થ થયાં. ◆

## યુવાનોની ગુરુસભામાં સંતભગવંત સાહેબજી પ્રાગટ્યોત્સવ

અનુપમ મિશનમાં ચાલતી યુવાનોની અઠવાડિક સત્સંગસભા-ગુરુસભામાં ૧ એપ્રિલના રોજ ડિજિટલ માધ્યમ દ્વારા સંતભગવંત સાહેબજીના ૮૨મા પ્રાગટ્યપર્વની 'ચાલો સાહેબ પ્રગટાવીએ' થીમ પર ભવ્ય ઉજવણી કરવામાં આવી. પરસ્પર સાહેબ પ્રગટાવવાના ભાવને એટલે કે, સંપ, સુહૃદભાવ અને એકતા સ્થાપી, ભગવાનનાં કાર્ય કરવા, પ્રત્યેકમાં સાહેબજીનાં દર્શન કરી, તે જ પ્રમાણે વિચાર, વાણી અને વર્તન કરવાના ભાવને આ કાર્યક્રમમાં પ્રસ્તુત કરવામાં આવ્યો. વક્તવ્ય, વિશિષ્ટ ભાવપ્રસ્તુતિ, સંગીત અને નૃત્યભક્તિનો આધાર લઈને અદ્‌ભુત કાર્યક્રમ રજૂ કરાયો. આ દિવસે અ.નિ. સદ્‌ગુરુ સંત પૂ. વિઠ્ઠલભાઈ (વી.એસ.)નો પ્રાગટ્યદિન અને અક્ષરધામગમન દિન હોવાથી કાર્યક્રમના આરંભે વિડિયો ડૉક્યુમૅન્ટરી સ્વરૂપે તેઓને સ્મરણાંજલિ અર્પણ કરવામાં આવી.

આ કાર્યક્રમમાં હર્ષ સોની દ્વારા સ્વાનુભવને વર્ણવતું વક્તવ્ય અપાયું અને ત્યારબાદ દેશ-પરદેશમાં રહી સત્સંગનું સુકાન સંભાળતા અનેક



અનુપમ ઈન્ટરનૅશનલ બાળસભામાં પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીના આશીર્વાદ



સાહેબજી પ્રાગટ્યોત્સવ પ્રસંગે ગુરુસભામાં સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાના આશીર્વાદ

યુવાનોએ વિશિષ્ટ ભાવપ્રસ્તુતિ દ્વારા પરસ્પર સાહેબ પ્રગટાવવાની અદ્‌ભુત પ્રેરક પ્રાર્થનાઓ વ્યક્ત કરી. 'મ્યુઝિકલ મૅલડી'માં વિવિધ ભાષા, સંસ્કૃતિ અને સંગીત વાદ્યોના માધ્યમથી સાહેબદાદાને પ્રાગટ્યપર્વે વંદના ધરવામાં આવી. ભલે જુદી ભાષા, અલગ સંસ્કૃતિ હોય પણ સાહેબદાદાના પ્રેમને સૌ પામી શકે છે, તે ભાવના આ કાર્યક્રમ દ્વારા વ્યક્ત થઈ. 'નૃત્યભક્તિ' દ્વારા પણ સાહેબ પ્રગટાવવાની કલાત્મક પ્રસ્તુતિ કરવામાં આવી. નૂતન કીર્તન પર યુવાનોએ જોશસભર નૃત્ય દ્વારા સંદેશાત્મક ભક્તિ અદા કરી.

આખાય કાર્યક્રમમાં સાધુ પૂ. પરેશદાસ, સાધુ પૂ. યજ્ઞેશદાસ, સાધુ પૂ. કેયૂરદાસ, સાધુ પૂ. શ્રેયસદાસ, સાધુ પૂ. અનિલદાસ, ધનંજયભાઈનાં માર્ગદર્શને યુવાસાધુ પૂ. હરમીતદાસે વિડિયો શૂટિંગ અને ઍડિટિંગ, નીરવ અને નીલકંઠ દ્વારા નૃત્ય અને કલાનાં દિગ્દર્શન, રાહુલભાઈ દ્વારા ઑડિયો રૅકોર્ડિંગ, ભજન રચના અને કમ્પોઝિંગ, નિખિલ દ્વારા સંગીત સંયોજનની ભક્તિ અદ્‌ભુત માહાત્મ્ય સાથે અર્પણ થઈ. સુંદર થીમ પર ટૅકનોલૉજીનો ઉપયોગ કરી ભાવનાપૂર્ણ પ્રસ્તુતિ કરનાર સૌ યુવાનોની સેવાને સદ્‌ગુરુ સંત પ.પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબજીએ બિરદાવી આશીર્વાદ પ્રદાન કર્યા. ◆

### અનુપમ ઈન્ટરનેશનલ યુવતી સભામાં સંતભગવંત સાહેબદાદાના પ્રાગટ્યપર્વે અખંડ જપયજ્ઞ

અનુપમ મિશન ઈન્ટરનેશનલ યુવતી સભામાં સંતભગવંત સાહેબદાદાના પ્રાગટ્યપર્વ નિમિત્તે ડિજિટલ માધ્યમના ઉપયોગ દ્વારા ૨૦ કલાકના અખંડ 'સ્વામિનારાયણ' મહામંત્રના જાપ કરી ભક્તિ અર્પણ થઈ. સંતભગવંત સાહેબદાદાના નિરામય દીર્ઘાયુ માટે તેમજ સત્સંગ સમાજના સૌ સંતો-ભક્તોની સર્વ પ્રકારે રક્ષા થાય તે ભાવથી આ જપયજ્ઞમાં યુવાન દીકરીઓ દ્વારા પ્રાર્થના કરવામાં આવી. આ ભક્તિયજ્ઞમાં ન્યૂઝીલૅન્ડ. ઑસ્ટ્રેલિયા, યુ.કે., કૅનેડા, યુ.એસ.એ. અને ભારતની યુવતીઓ સાથે મોટી સંખ્યામાં અક્ષરમુક્તો અને સંતોએ પણ પોતપોતાના દેશના ટાઈમ ઝૉન પ્રમાણે ભક્તિભાવે જોડાઈને પ્રાર્થનાઓ કરી.

### યુ.કે.માં સંતભગવંત સાહેબજી પ્રાગટ્યોત્સવ

છેલા લગભગ પાંચ દાયકાથી યુ.કે.ની ધરતી પર અવારનવાર પધારી સંતભગવંત સાહેબજીએ પરદેશમાં સત્સંગની જે અહાલેક જગાવી છે તેના આનંદની અનુભૂતિ સંતભગવંત સાહેબજી પ્રાગટ્યપર્વે ઈંગ્લૅન્ડના સ્થાનિક ભક્તો દ્વારા ઑનલાઈન માધ્યમ પર વ્યક્ત કરાઈ. સમગ્ર માર્ચ માસ દરમિયાન યુ.કે.માં સાધુ પૂ. હિંમતસ્વામીનાં માર્ગદર્શને ઑનલાઈન સભાઓ યોજાઈ, જેમાં સૌએ સંતભગવંત સાહેબજીના માહાત્મ્યનાં અપૂર્વ ગાન કર્યાં અને સત્સંગની અનિવાર્યતા અંગેની વિશેષ વાતો કરી.

૨૩ માર્ચના રોજ ડિજિટલ માધ્યમથી દીપકભાઈ કોટેચાના નેતૃત્વે યુવાનો-યુવતીઓ દ્વારા સુંદર કીર્તનવંદના અર્પણ કરવામાં આવી અને સંતભગવંત સાહેબજીના જીવનની વિશિષ્ટ રીતે ઝાંખી કરાવવામાં આવી. સદ્‌ગુરુ સંત પ.પૂ. અશ્વિનદાદાના શ્રીમુખે પ્રગટ થયેલી સંતભગવંત સાહેબજીના માહાત્મ્યની સરવાણીને પણ આ પ્રસંગે સાંકળી લેવામાં આવી. ૨૯ માર્ચ-ધુળેટીના મંગલ દિને સૌએ ડિજિટલ માધ્યમથી એકત્ર થઈ, અખંડ ધૂન-પ્રાર્થનાઓ કરી અને સંતભગવંત સાહેબજીના નિરામય દીર્ઘ આયુષ્ય માટે અંતરની ભાવનાઓ વહાવી. ◆

### અમૅરિકા-કૅનેડામાં સંતભગવંત સાહેબજી પ્રાગટ્યોત્સવ

**અમૅરિકા-કૅનેડા :** ૨૭, ૨૮ અને ૨૯ માર્ચ ૨૦૨૧ દરમિયાન સાધુ પૂ. જયેશદાસ અને અનુપમ મિશન, અમૅરિકાના ટ્રસ્ટીઓની પ્રેરણાથી અમૅરિકા અને કૅનેડાના અક્ષરમુક્તોએ ભેગા મળીને સંતભગવંત સાહેબજીના ૮૨મા પ્રાગટ્યપર્વની ત્રિદિવસીય ઉજવણી ડિજિટલ


યુવાનોની ગુરુસભામાં પ્રસ્તુત 'ચાલો... સાહેબ પ્રગટાવીએ' કાર્યક્રમની ઝલક



અનુપમ મિશન, યુ.કે. ખાતે સાહેબજી પ્રાગટ્યપર્વનાં ભક્તિભર્યા સુશોભન

માધ્યમ દ્વારા કરી. સૌ સંતો અને અક્ષરમુક્તોએ સંતભગવંત સાહેબજીએ કરેલા સૌના સર્વાંગી વિકાસ અને આધ્યાત્મિક ઉત્થાનની વાતો સહર્ષ વ્યક્ત કરી તેમજ સંતભગવંત સાહેબજીના પ્રેમને પરિણામે હઠ, માન અને ઈર્ષ્યાના ભાવો નિર્મૂળ થયા તેની અનુભૂતિ પણ પ્રસ્તુત કરી.

સાધુ પૂ. કૌશિકદાસ અને સાધુ પૂ. નરેન્દ્રદાસે પોતાના અનુભવોનાં વર્ણન કરી ગુરુહરિ સંતભગવંત સાહેબજીના માહાત્મયની વાતો કરી. આ સભાઓમાં સંતો સહિત ૩૬થી વધુ ભાઈઓ-બહેનો તથા યુવાનો-યુવતીઓએ માહાત્મ્યગાન કર્યાં. જીવનના સારા-નરસા પ્રસંગે પ્રભુના કર્તાપણાના ભાવને સ્વીકારવાનું, તકની સેવા ઝડપી સમર્પણ કરવાનું, કોરોના જેવા કાળમાં પણ સમત્વ રાખી સત્સંગના સુખે સુખી થવાનું અદ્‌ભુત માર્ગદર્શન સાહેબજી આપી રહ્યા છે, તે અનુભૂતિની વાતો સહજ સૌનાં હૈયાંને સ્પર્શી ગઈ.

આ ઉપરાંત, અમેરિકાના વિવિધ પ્રદેશોમાં વસતા ધર્મેન્દ્રભાઈ, અમિતભાઈ, મિહિરભાઈ અને કેનેડાથી યેશાબહેને અદ્‌ભુત કીર્તન ભક્તિ પ્રસ્તુત કરી. યુટ્યૂબના માધ્યમથી યોજાયેલ આ કાર્યક્રમમાં મિહિરભાઈએ ટૅક્નિકલ સેવા પ્રદાન કરી અને શિકાગોના હર્ષ પટેલ દ્વારા સભાનાં અદ્‌ભુત સંચાલન થયાં.

આ પ્રસંગે સદ્‌ગુરુ સંતો પૂ. શાંતિદાદા, પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબજીએ સૌને નિર્દોષ માની, સૌમાં દિવ્યભાવ સેવી ભક્તિ કરવાની અદ્‌ભુત વાતો કરી, સૌની ભક્તિ અને સમર્પણને બિરદાવી આશીર્વાદ પ્રદાન કર્યા. ◆

**ફ્લૉરિડા :** અમેરિકાના ફ્લૉરિડા કેન્દ્રમાં અનુપમ મિશનના મંદિરે સંતભગવંત સાહેબજીના ૮૨મા પ્રાગટ્યપર્વની ઉજવણી સ્થાનિક અક્ષરમુક્તોએ એકત્ર થઈને, સામાજિક અંતર જાળવીને ભક્તિભાવે સંપન્ન કરી. આ પ્રસંગે બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજનાં જીવનચરિત્રો અને કાર્યોનાં માહાત્મ્યગાન પણ થયાં. હોલિકા ઉત્સવ નિમિત્તે હોલિકા દહન કરી પારંપરિક ઉત્સવની ઉજવણી કરવામાં આવી. અનેક અક્ષરમુક્તો દ્વારા પ્રાસંગિક માહાત્મ્યગાન દ્વારા સંતભગવંત સાહેબજી પ્રતિના પ્રેમ અને ગુરુભક્તિના ભાવને વ્યક્ત કરાયો. સૌએ ભેગાં મળી ગુરુપ્રાગટ્યે સહજાનંદની અનુભૂતિ કરી. ◆

**વેસ્ટકોસ્ટ રિજિયન :** અમેરિકાના સિઍટલ, લોસ ઍન્જલસ, સાન ફ્રાન્સિસ્કો મંડળ અને કેનેડાના વાનકુંવર મંડળના વૅસ્ટ કૉસ્ટ રિજિયનના અક્ષરમુક્તોએ ડિજિટલ માધ્યમ અને ટૅકનોલૉજીનો અદ્‌ભુત ઉપયોગ કરીને સંતભગવંત સાહેબજી પ્રાગટ્યોત્સવની ભક્તિભીની ઉજવણી કરી. વડીલોનાં માર્ગદર્શને યુવાનેતા ચેતનભાઈ પટેલ અને યુવાનોની ટીમની આગેવાની હેઠળ બાળકો-બાલિકાઓ, યુવાનો-યુવતીઓ, ભાઈઓ-બહેનોએ પાંચ દિવસના વિવિધ કાર્યક્રમો સાકાર કરી અલૌકિક ગુરુભક્તિ અદા કરી. ભજન અંતાક્ષરી, યૂથ ડ્રામા, સાહેબજીના જીવનના દિવ્ય પ્રસંગો, બાળકો દ્વારા મહાપૂજા, કીર્તનોનાં ગાન, નૃત્ય, અનુભવદર્શન, સંતભગવંત સાહેબજીની અમેરિકા અને કૅનેડાની પ્રસાદીનાં સ્થાનોનાં દર્શન આદિ દ્વારા સૌને અલૌકિક સત્સંગલાભ અપાવ્યો. અનુપમ મિશન પ્રેરિત ગુજરાતીના વર્ગોમાં અમેરિકાનાં જે બાળકો ગુજરાતી ભાષા શીખે છે, તેવાં સૌ બાળકોએ કલાત્મક કાર્ડ બનાવી, તેમાં ગુજરાતીમાં પ્રાર્થના લખી સાહેબદાદા પ્રત્યેની પોતાની ભક્તિ અદા કરી.

ટૅકનોલૉજીનો ખૂબ સુંદર ઉપયોગ કરી ઑનલાઈન માધ્યમ દ્વારા આ કાર્યક્રમ પ્રસ્તુત કરાયો, જેનો લાભ દેશ-પરદેશના અનેક અક્ષરમુક્તોએ લીધો. આ પ્રસંગોમાં ભારતથી સદ્‌ગુરુ સંત પૂ. રતિકાકા, સદ્‌ગુરુ સંત પૂ. હર્ષદદાદા, સાધુ પૂ. પરેશદાસ, સાધુ પૂ. ઉત્પલદાસ, જ્યોતિબહેન પોપટ, જિતુભાઈ પોપટ આદિ ભક્તો અને અમેરિકાથી સાધુ પૂ. જયેશદાસ તેમજ વીરેન્દ્રભાઈએ જોડાઈને આશીર્વાદ વરસાવી સૌને ખૂબ પ્રોત્સાહન અને બળ આપ્યાં. સૌની ભક્તિને બિરદાવી સૌને ખૂબ આનંદ કરાવ્યો. ◆



ઍલનટાઉન-યુ.એસ.એ. મંદિરે સાહેબજી પ્રાગટ્યપર્વની ભક્તિભરી ઉજવણી



ફ્લૉરિડા-યુ.એસ.એ. મંદિરમાં સાહેબજી પ્રાગટ્યોત્સવની ઉજવણી

## વેમાર મંદિર પંચમ પાટોત્સવ

૨૩ માર્ચ, ૨૦૨૧ના રોજ ઉપાસના ધામ, વેમાર મંદિરમાં બિરાજમાન શ્રી ઠાકોરજી અને ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓના પંચમ પાટોત્સવ અને સંતભગવંત સાહેબજી મહારાજના ૮૨મા પ્રાગટ્યદિનની ભક્તિસંપન્ન ઉજવણી સાધુ પૂ. ઘનશ્યામદાસ અને જૂજ હરિભક્તોની ઉપસ્થિતિમાં સામાજિક અંતર રાખીને તેમજ ડિજિટલ માધ્યમનો ઉપયોગ કરીને કરવામાં આવી.

પાટોત્સવવિધિ સ્થાનિક યુવાનો ઉમેશભાઈ અને સમીરભાઈએ કરાવી. પાટોત્સવ મહાપૂજામાં મુખ્ય યજમાનપદે સાધુ પૂ. ઘનશ્યામદાસ બિરાજ્યા અને સાથે વડીલ અક્ષરમુક્ત ચંદ્રકાંતભાઈ પટેલ, ગજાનનભાઈ પટેલ, રાકેશભાઈ અને રાજુભાઈ પટેલ પણ જોડાયા. ચિરાગભાઈએ યજમાનોનાં પૂજન કર્યાં, મનીષભાઈએ રક્ષાસૂત્રબંધન અને યોગેશભાઈએ ખેસ અર્પણ કર્યાં. ભાવવાહી શ્લોકોચ્ચાર સાથે સુંદર ઢબે મહાપૂજા સંપન્ન કરવામાં આવી.

પાટોત્સવ આરતી સાધુ પૂ. ઘનશ્યામદાસે અર્પણ કરી. ચંદ્રકાંતભાઈ અને ઉમેશભાઈએ પ્રાસંગિક મહિમાગાન કર્યાં તેમજ સાધુ પૂ. ઘનશ્યામદાસે આશીર્વાદ આપી સૌને મહિમાથી તરબોળ કર્યા. પૂજારી ચિરાગભાઈએ શ્રી ધામ-ધામી-મુક્તની મૂર્તિઓના શણગાર ભક્તિભાવે ખૂબ જ સુંદર કર્યા હતા. તેમની સેવાને સૌએ બિરદાવી. ઉમેશભાઈએ કીર્તનભક્તિ સાથે સાથે પાટોત્સવની સુંદર મહાપૂજાવિધિ કરાવી. ◆

## શ્રદ્ધાંજલિ



*** પૂ. ગીતાબહેન નટવરલાલ પરમાર :** અનુપમ મિશનના સાધુ પૂ. અનિલદાસનાં પૂર્વાશ્રમનાં માતુશ્રી અમદાવાદ નિવાસી મુક્તરાજ પૂ. ગીતાબહેન ૧૬ માર્ચ ૨૦૨૧ના રોજ અક્ષરધામ સિધાવ્યાં. ગુરુહરિ પપ્પાજીનાં દર્શન અને અનુભવે પપ્પાજી માટે સર્વોપરીભાવ તેઓના અંતરમાં થયો ત્યારથી ભગવાનના ભક્તોની સેવા, ભજન, સમાગમ એ જીવનધ્યેય બન્યાં. પ્રગટ પ્રભુના સ્વરૂપમાં એકધારી નિષ્ઠાથી જીવન જીવ્યાં. આવો જ ભાવ સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સંતોમાંપણ સેવ્યો. તેમણે તેમનો ભક્તિનો વારસો તેમનાં સંતાનો મહેશભાઈ, પલ્લવીબહેન (અમેરિકા), પ્રીતિબહેન (અમેરિકા), મીનાભાભીને આપ્યો. વળી તેઓના સુપુત્ર સાધુ પૂ. અનિલદાસને અનુપમ મિશનના વ્રતધારી સાધુ તરીકે પ્રભુ ભજવા બળ પૂરી માતૃત્વ દીપાવ્યું. એમણે એક ચૈતન્યમાધ્યમ જેવું કાર્ય કરી ઘણા જીવોને અધ્યાત્મમાર્ગે ચાલતાં કર્યાં. આવા અનુપમ મુક્તરાજને અનંત વંદન ! ◆



*** પૂ. સુશીલાબહેન રંગવાલા :** વડોદરાનિવાસી અક્ષરમુક્ત પૂ. સુશીલાબહેન દિલીપભાઈ રંગવાલા ૨૦ માર્ચ ૨૦૨૧ના રોજ અક્ષરનિવાસી થયાં. અનુપમ મિશનના પાયાના સત્સંગીઓ પૈકી તેઓ સમર્પિત ભક્ત. ઈ.સ. ૧૯૮૩થી તેઓ અનુપમ મિશનના સત્સંગમાં જોડાયાં અને વડોદરામાં રહી સત્સંગની પ્રવૃત્તિઓમાં સક્રિય બન્યાં. સદ્ગુરુ સંત પ.પૂ. અશ્વિનદાદા સાથે જીવની આત્મબુદ્ધિ અને પ્રીતિ કરી દિવ્યભાવ સુદૃઢ કર્યો. જેને પરિણામે સંતભગવંત સાહેબજીમાં પ્રગટ પ્રભુના અનુભવ પામી જીવનપર્યંત માહાત્મ્યપૂર્ણ ભક્તિ કરી જીવતર ધન્ય કર્યું. તેઓનાં બંને દીકરાઓ વડોદરા સ્થિત ધર્મેશભાઈ-તેજલબહેન અને કેનેડા સ્થિત વિશાલભાઈ-મનિષાબહેને સંસ્કારવારસો દીપાવી આજે સત્સંગનાં કાર્યોમાં આગેવાની લીધી છે. પૂ. સુશીલાબહેને સમૈયા-ઉત્સવમાં રસોડા વિભાગની સેવાઓ તથા રોજિંદા જીવનમાં મંત્રલેખનની સેવાને પ્રાધાન્ય આપી અદ્ભુત ભક્તિ અદા કરી. આવા ભક્તિસંપન્ન અક્ષરમુક્તને વિદાયવેળાએ વંદના ! ◆



*** પૂ. ભીખુભાઈ પટેલ :** અનુપમ મિશનના વ્રતધારી સંત પૂ. બિપિનદાસના પિતાશ્રી પૂ. ભીખુભાઈ ૮૮ વર્ષની ઉંમરે ટૂંકી માંદગી બાદ ઊંડાચ મુકામે ૨૩ માર્ચ ૨૦૨૧ના રોજ અક્ષરધામ સિધાવ્યા. ખૂબ ઓછાબોલા અને ભક્તહૃદયી ભીખુભાઈએ જીવનપર્યંત ભગવાનની ભક્તિમાં જ સમય વિતાવ્યો. પોતાના મોટા પુત્ર બિપિનભાઈને મિત્ર પૂ. રમેશભાઈ સાથેની મિત્રતાને પરિણામે વૈરાગ્ય થયો, જેને ભીખુભાઈએ સહજ સ્વીકાર્યું અને સાધુ થવા રાજીખુશીથી રજા આપી જીવનભરનું પુણ્ય એકત્ર કરી લીધું. નાના બે દીકરાઓ તથા દીકરીને પણ સંસ્કારવારસો આપ્યો. તેઓને બ્રહ્મજ્યોતિ પર આવવાનું ઘણું ગમતું, અને આવે ત્યારે ૩-૪ દિવસ રોકાઈ તેઓ સત્સંગનો લાભ લેતા. ભગવાનના કાર્યમાં પોતાના સંતાનને જોડી પિતૃત્વ દીપાવનાર ભીખુભાઈને અંતરની વંદના ! ◆



*** પૂ. વિનુભાઈ પારેખ :** મોગરી નિવાસી સેવાભાવી અક્ષરમુક્ત પૂ. વિનુભાઈ પારેખ ૯ એપ્રિલ ૨૦૨૧ના રોજ અક્ષરધામ સિધાવ્યા. અનુપમ મિશનના પ્રત્યેક સંતો-ભક્તોની મહિમાથી સેવા કરતા વિનુભાઈએ ખરા અર્થમાં સત્સંગ કર્યો. સ્વભાવે શાંત અને દાસભાવે સેવાઓમાં સતત પ્રવૃત્ત રહ્યા. તેમને સંતોનો ખૂબ મહિમા હતો. અ.નિ. સાધુ પૂ. ગોપાલદાસ સાથે અંતરની પ્રીતિ થઈ પછી નાની-મોટી અનેક પ્રકારની સેવામાં જોડાવામાં તેઓ કદી સંકોચ અનુભવતા નહીં. સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સંતોમાં અપ્રતિમ નિષ્ઠા સેવી તેઓ અદ્ભુત જીવન જીવ્યા. અનુપમ મિશનની બાલ-યુવા પ્રવૃત્તિમાં સેવાઓ અર્પણ કરી બળ આપતા અને ભક્તોની અંગત મુશ્કેલીઓમાં સદાય સાથે રહી હૂંફ આપતા. પોતાના દીકરા યોગેશને યુવાનોની ગુરુસભાનો યોગ આપ્યો તેમજ દીકરીઓ વૈશાલીબહેન, નેહાબહેનને ભક્તિ અને સેવાનો સંસ્કારવારસો આપ્યો. તેઓનાં ધર્મપત્ની રંજનબહેને પણ સેવા અને સત્સંગકાર્યમાં ખૂબ સાથ આપી સંવાદિતાપૂર્ણ ભક્તિ અદા કરી. અનુપમ મૂકસેવક વિનુભાઈને વિદાયવેળાએ અંતરની વંદના ! ◆




૨૩ માર્ચ – સંતભગવંત સાહેબજી પ્રાગટ્યદિને મંદિરજીમાં શ્રી ઠાકોરજી સમક્ષ પ્રાર્થના અને આરતી અર્પણ




૨૩ માર્ચ – સંતભગવંત સાહેબજી પ્રાગટ્યદિને મંદિરજીમાં ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુદેવ યોગીજી મહારાજને હૃદયભાવવંદન !



૨૩ માર્ચે અનુપમ સૂરવૃંદના સંતો-યુવાનો દ્વારા કીર્તનભક્તિ અર્પણ




કીર્તન આરાધના બાદ સભામાં આશીર્દાન




ઉપાસના ધામ, વેમાર મંદિરના શ્રી ઠાકોરજીના પંચમ પાટોત્સવ પ્રસંગે આરતી અર્પણ કરી આશીર્વાદ પ્રદાન કરતા સાધુ પૂ. ઘનશ્યામદાસ




ધુળેટીના મહામંગલકારી પ્રસંગે સંતો, યુવાનો, ગૃહસ્થ મુક્તો દ્વારા મંદિરજી દર્શનાર્થે પધારતા સંતભગવંત સાહેબજીનાં ભક્તિભાવભર્યાં સ્વાગત



ધુળેટીના મહામંગલકારી પ્રસંગે સભામાં સંતો-ભક્તોના ભાવસ્વીકાર કરતા સંતભગવંત સાહેબજી



નિજધામ-'ઉપાસના'માં પ્રકૃતિની ગોદમાં બિરાજમાન સંતભગવંત સાહેબજી




નિત્ય સાયં ગોષ્ઠિસભામાં ભક્તોના ભાવસ્વીકાર અને સાહેબજીની આશિષવર્ષાનાં દિવ્ય મનોહર દર્શન


**Regd. News Paper / Air Mail / Book Post**

To,

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2021-23

* Date of Publication : 14th of each Month

* Date of Posting : 15th of each Month * Posted at: Vitthal Udyog Nagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-4-21 * Office of Origin : Vitthal Udyognagar

Editor : Shantibhai F. Patel * Published by : Shantibhai F. Patel on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat

Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008



*

**If Undelivered Please return to :**

**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345. Gujarat, India**

**Phone : (02692) 230483, 230544 Fax : (02692) 235660**

**email : amindia@anoopam.org * website: www.anoopam.org**